April 2025

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 20 • Issue 07 / 230
• Mumbai • Page 36 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



**મારા સ્નેહી પરિવારજનો,**

**પ્રણામ !**

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

આપ સહુની ક્ષેમકુશળતા ચાહું છું. નવપદજીની ઓળીનાં આરાધકો સુખશાતામાં હશો.

***કયો માણસ મોટો ગણાય ?***

***ધર્મવીર, કર્મવીર, કે દાનવીર ?***

ધમંવીર ધર્મક્ષેત્રમાં વીરતા દેખાડી શકે,પરંતુ મન-વચન અને કર્મમાં જે કર્તવ્ય ન વિસરે અને સદાય માનવતાની ઉંચાઇ વધારે તે સાચો ધર્મવીર.

કર્મવીર એ છે કે જેઓ હાથમાં લીધેલા કામને પૂરી નિષ્ઠા, કાળજી, જવાબદારી, પવિત્રતા અને પ્રમાણિકતા સાથે કરે કે કરી બતાવે તે કર્મવીર, આવા કર્મવીરોને પ્રસિધ્ધિમાં રસ નથી હોતો કારણકે તેઓ કર્મને જ ધર્મ માને છે, કર્મવીરને માન-સન્માનની આશા-અપેક્ષા હોતી નથી. તેઓ નિઃસ્પૃહી હોય છે.

દાનવીરમાં દાન સાથે જાતજાતની એષણાઓ જોડાયેલી હોય છે. પોતાને માન-સન્માન મળે, પ્રતિષ્ઠા વધે, કિર્તીગાન થાય વગેરે વગેરે, તો કયાંરેક સમાજમાં એવા પણ ઉત્તમ દાનવીરો છે જેઓને કોઇપણ પ્રકારની એષણાઓ હોતી નથી.તેઓ પોતાના શુધ્ધ અંતરઆત્માથી શ્રેષ્ઠ દાનવીર બને છે.

શ્રી પાટણ જૈન મંડળનું સૌભાગ્ય છે કે, આપણી સાથે ધર્મવીરો, કર્મવીરો અને દાનવીરોનો ત્રિવેણી સંગમ છે. તેઓ સમાજનાં કલ્યાણ માટે હંમેશા પોતાનું કર્તવ્ય બજાવવા તૈયાર રહે છે. તેથી જ તો આજનાં વર્તમાનકાળે શ્રી પાટણ જેન મંડળ થકી પાટણ જૈન સમાજની ઈમારત આન-બાન-શાન સાથે સમૃધ્ધ થતી જાય છે. એક નવા સુવર્ણ અક્ષરે લખી શકાય તેવાં ઈતિહાસનું સર્જન કરી રહી છે.

***સમય માનવી ને મોટો બનાવે છે,***
***સમાજ માનવીને મહાન બનાવે છે.***

આ પંક્તિને અનુસરતા તા. ૧૩-એપ્રિલ ૨૦૨૫, રવિવારની સવારે, હિંદી વિદ્યાભવન સ્કૂલનાં હોલમાં, મરીનડ્રાઇવ ખાતે પ.પૂ.આચાર્ય ભગવંત વરબોધીસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોનાવલા ખાતે નિર્માણ થનાર ***''શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલી ડે હોમ'' સાથેનાં નૂતન નવગ્રહ જિનાલય*** જે સુંદર મજાનું, અપ્રતિમ, સંગેમરમર સમાન માર્બલનું, જેમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની રત્નમયિ પ્રતિમા મૂળનાયક દાદા તરીકે બિરાજમાન થનાર છે, તેની સાથે અન્ય નવગ્રહો આધારિત પ્રતિમાજીઓ બિરાજમાન થશે. તેની સાથે ***ગર્ભગ્રહમાં નિલવર્ણીય ૧૯ માં તીર્થંકર શ્રી મલ્લિનાથ ભગવાન દેવકુલિકામાં બિરાજમાન થશે.*** તેનો આદેશ આપવાનો છે.

***ઝગમગતા તારલાનું દેરાસર હોજો,***
***એમાં મારાં પ્રભુજીની પ્રતિમા હોજો.***

આનો નકરો રૂ.૧ કરોડ ને ૨૫ લાખ છે. ***આ રકમમાં રૂ.૧ કરોડ પ્રોજેક્ટમાં વપરાશે અને ૨૫ લાખ પ્રતિમાજી ભરાવવાના, પ્રતિષ્ઠા કરવાનો લાભ મળશે અને સર્વ સાધારણમાં લેવામાં આવશે.*** બીજા ભગવાન શ્રી અજીતનાથ દાદા બીજાં ગભરામાં બિરાજમાન થશે.

Cont. page 2

જેનો લાભ રૂ.૧ કરોડ -૨૫ લાખમાં નીચે મુજબ લાભાર્થી પરિવારે સાથે મળીને લીધો છે.

**૧) એક સાધર્મિક ભાઈ તરફથી.**

**૨) શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી.**

**૩) શ્રી દાનેશભાઈ  વિનોદચંદ્ર શાહ (માટલીવાલા).**

તે ઉપરાંત બે દેવીમાતાઓનો આદેશ **રૂ. ૬૩ લાખ** પ્રત્યેકનો આપવામાં આવ્યો છે, તેનાં લાભાર્થી પરિવાર છે.

**અંબિકા દેવી – શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની  શેરી)**

**મહાલક્ષ્મી માતા - શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)**

**આ સાથે હોલી ડે હોમના રૂ.૩૦ લાખના એક રૂમના લાભાર્થી  - શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)**

**રૂ.૧૫.લાખ – શ્રીમતી પરેશાબેન મહેશભાઇ શાહ (જીવદયાધામવાળા)(કપુરમહેતાનો પાડો) સહોયગી દાતા**

**આ બધાં જ દાતા પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના.**

**૧) ગુરુ ગૌતમસ્વામી,**

**૨) અધિષ્ઠાયક દેવ શ્રી માણીભદ્ર,**

**૩) શ્રી પાર્શ્વયક્ષ.**

આ ત્રણેય નો નકરો પ્રત્યેક એકનો ***રૂ.૬૩ લાખ છે.*** આપ સહુ પુણ્યશાળી આત્માઓ આપણાં આગણે આ પ્રથમવાર આવો સોનેરી અને ઉત્તમ અવસર આવ્યો છે. સુકૃત્ય કરવાની તક મળી છે. પુણ્યાનું બંધી પુણ્ય પ્રપ્ત થશે. અનેક આત્માઓ અહીં આવશે, દર્શન-પૂજા ભકિતનો લાભ લેતાં લેતાં દાનવીરોને યાદ જરૂરથી કરશે. અનુમોદનાં કરશે. આ લાભ છોડવા જેવો નથી. આવો અવસર ફરીથી નહી મળે. તમે વિચારતા રહેશો ને બીજો કોઈ પુણ્યાત્મા લાભ લઈ લેશે. જયાં સુધી આ શાસન જયવંતુ વર્તે છે ત્યાં સુધી તમારું નામ ગૂંજતું રહેશે.

***''મુકિત મળે કે ના મળે મારે સેવા તમારી કરવી છે.'' રાજા કુમારપાળ, વસ્તુપાલ, તેજપાલ, મોતીશા શેઠની અનુમોદના કરીએ કે તેમનાં પગલે પગલે ચાલીને એક ભવ્ય જિનાલય*** બનાવી આપણે સહુ શ્રી પાટણ જૈન  સમાજનાં પટણીઓ જૈન શાસનનાં સંઘને ઉત્તમ નજરાણું અર્પણ કરીએ.

જે મહામૂલ્યવાન સમયની ચાતક પક્ષીની જેમ રાહ જોઈ રહયાં છીએ તે અવસર ગણતરીનાં દિવસોમાં આવી રહયો છે. તે શુભ અવસરનાં ચોઘડિયા વાજતે ગાજતે આવી ગયા છે. **પ.પૂ, ગુરુભગવંતે  સહુ શ્રાવકો શ્રાવિકાઓની ઉપસ્થિતિમાં, તા. ૦૪-૦૫-૨૦૨૫, રવિવાર સવારે ૦૬.૦૩ મિનિટે, શુભ ચોઘડિયામાં ખનનવિધી કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. તે સાથે તા. ૦૮-૦૫-૨૦૨૫, ગુરૂવારનાં રોજ સવારે ૧૦.૦૦ થી  બપોરે ૧.૦૦ કલાકનાં સમયમાં શિલાન્યાસ વિધિ કરવામાં આવશે. પ.પૂ.આચાર્ય ભગવંત અક્ષયબોધિસૂરીશ્વરજી અને પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી મહાબોધીસૂરીશ્વરજી મ.સા.આદિ ઠાણા સાથે પધારશે. તેમની નિશ્રામાં આ બંને મહત્વની વિધિ થશે.વિધિકાર શ્રી હેમુભાઈ (મલાડ) દ્વારા વિધિ કરવામાં આવશે.**

આ શુભ અવસરે આપણી જીવન નિર્વાહ સ્કીમમાં ઘણાં જ ઉત્સાહથી અને સાધર્મિક વાત્સલ્યનાં ભાવથી દાતા પરિવારોએ સારો લાભ લીધો છે. તેમની અનુમોદના સાથે આભારની લાગણી વ્યકત કરું છું.

| | | |
|---|---|---|
| ૧) | **શ્રી ભરતભાઈ બાલુભાઇ શાહ –** | **રૂ.૩૧ લાખ.** |
| ૨) | **શ્રી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ -** | **રૂ.૨૨ લાખ** |
| ૩) | **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર -** | **રૂ.૧૧ લાખ.** |
| ૪) | **શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી -** | **રૂ.૧૧.લાખ.** |
| ૫) | **શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ -** | **રૂ.૧૧ લાખ.** |
| ૬) | **શ્રી રમણલાલ પોપટલાલ શાહ -** | **રૂ.૧૧ લાખ.** |
| ૭) | **શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ -** | **રૂ.૧૧ લાખ.** |
| ૮) | **શ્રી સેવંતીલાલ કાંતિલાલ શાહ પરિવાર -** | **રૂ.૧૧ લાખ.** |
| ૯) | **શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ પરિવાર -** | **રૂ. ૧૧ લાખ.** |

આ બધાં જ પરિવારનો હું આભાર માનું છું આપણાં સાધર્મિકભાઈઓના પરિવારોનાં જીવનમાં સુખની રોશની ફેલાવીને ઉદાર દિલથી લાભ લીધો છે.

મિત્રો ! અનાજ રાહતની આ સ્કીમ બહુ મોટી જરૂરિયતાવાળી છે. **શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહની**  સાથે તેમનાં નેતૃત્વમાં એક ટીમ તૈયાર થઈ છે. તેઓ સાથે મળીને આ યોજનાનું સંચાલન સુચારુ રૂપે કરશે તેવો  અમને વિશ્વાસ છે. અનાજ રાહતનો ખર્ચો ૮૦ લાખથી

વધારે થશે, તે માટે હું નમ્રભાવે દરેક પટણીઓને આ સ્કીમમાં જોડાવા અપીલ કરું છું .

**રૂ. ૨ લાખ આપીને તમારું જીવન અંજલી બનાવજો.** પહેલી ડિલીવરી ૧૫ મે સુધીમાં મળી જાય એવા પુરતા પ્રયત્નો ચાલી રહયાં છે. શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પ્રથમ વખત આ કાર્ય શરૂ થઈ રહયું છે. અમારી કોઈ ક્ષતિ રહી જાય તો માફ કરશો.

**૧) ઘરે એટલે કે હોમ ડિલીવરી કરવામાં આવશે.**

**૨) લાભ લેતા પરિવારો પાસેથી કોઈપણ પ્રકારની રકમ લેવામાં નહી આવે.**

**૩) એકદમ સાત્વિક અને શુધ્ધ ક્વોલિટિનું અનાજ આપવામાં આવશે.**

**૪) ઘી પણ ચોખ્ખું જ આપવામાં આવશે.**

**૫) સહાય લેનાર પરિવારોનાં નામ ખાનગીમાં રહેશે.**

**ખુબ ખુબ અભિનંદન શ્રી સંજયભાઈ અને ટીમને.**

**૧) શ્રી હિતેશભાઈ મહેન્દ્રભઈ શાહ. ૨) શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી, ૩) શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ.**

**૪) શ્રી અમિત ચંદ્રકાંત શાહ. ૫) શ્રી દિનેશભાઈ રમણલાલ શાહ. ૬) શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ(પોળની શેરી).**

**૭) કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી. ૮) શ્રી કમલેશ પ્રેમચંદ શાહ ૯) શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ.**

**ઉપરોકત ટીમનાં ભાઈઓ સેવા આપશે. ધન્યવાદ.**

**PJM USA Trustee શ્રી નીતિનભાઈ જયંતિલાલ શાહ,** (ખેતરવાસીનો પાડો), તેમની આગેવાનીમાં શ્રી પાટણ જૈન મંડળની પ્રવૃત્તિઓ વધારવા માટે પટણીઓનું **ગેટ-ટુ-ગેધર શિકાગો JAINA** ના અધીવેશનમાં **તા. ૦૩, ૦૪, ૦૫ જુલાઈ, ૨૦૨૫ના** રોજ રાખવામાં આવેલ છે. **શ્રી પાટણ જૈન મંડળ USA** દ્વારા આ **Event** માં એક બુથ (સ્ટોલ)નું પણ આયોજન કરવામાં આવેલ છે તો **USA Patni Family** ને આ કાયંક્રમમાં **ઉપસ્થિત રહેવા આમંત્રણ** આપું છું. આવો, આપણે સહુ સાથે મળીને હેત, પ્રિતથી પટણી પરિવારોનું જીવન સફળ બનાવીએ.

આપણે સૌ જાણીએ છીએ કે દહેરાસરના મુખ્ય લાભાર્થી અને પરમાત્માના લાભાર્થીઓએ લખાવેલ રકમમાંથી ૮૦ થી ૮૫ ટકા રકમ પ્રોજેક્ટમાં વપરાવવાની છે ને બાકીની રકમ દેવદ્રવ્ય અને સર્વસાધારણમાં વપરાવવાની છે. દહેરાસરનો ખર્ચ ૮ કરોડથી વધારે છે તો દરેક મહોલ્લાના ટ્રસ્ટીઓને નમ્ર પૂર્વક વિનંતી કરું છું કે આ દેવદ્રવ્યની સ્કીમમાં મહત્તમ રકમનો લાભ લઈને આપણા સમાજનું આ જિનાલય ઉત્તમ બનાવીએ ને પરમાત્માનું શાસન જયવંતુ બની રહે.

***''શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલી ડે હોમ'' સાથેનાં નૂતન નવગ્રહ જિનાલયના*** કામકાજની દેખરેખ માટે એક સાઈટ ઓફિસ (લોનાવાલા) આપણી જગ્યા ઉપર ***શુક્રવાર તા. ૧૮ એપ્રિલ ૨૦૨૫ના રોજ સારા ચોઘડિયામાં*** મારી સાથે મારી ટીમે રીબીન કાપીને ઓપનીંગ કર્યું. આપણી આ એક શુભ શરૂઆત થઈ ગઈ છે. પરમાત્માને પ્રાર્થના કરીએ કે આપણો આ પ્રોજેક્ટ ટાઈમસર પુરો થાય.



***લોનાવાલા દહેરાસરમાં નીચેના મહોલ્લાઓએ દેવદ્રવ્યનો લાભ લીધો છે આ દહેરાસરના ટ્રસ્ટીઓની સંસ્થા આભારી છે***

- **શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ — રૂા. ૧૦૮.૦૦ લાખ**
- **કનાસાનો પાડો મોટા જિનાલય — રૂા. ૨૭.૦૦ લાખ**
- **ફોફલિયો વાડો પોળની શેરી — રૂા. ૨૭.૦૦ લાખ**
- **અરિહંત આરાધક ટ્રસ્ટ રતન નગર — રૂા. ૨૭.૦૦ લાખ**
- **મહાલક્ષ્મીમાતાનો પાડો — રૂા. ૧૧.૭૦ લાખ**
- **કનાસાનો પાડો નાનુ જિનાલય — રૂા. ૧૧.૭૦ લાખ**

***માનવજીવનનું એક મુખ્ય ફળ છે સુકૃતનું અનુમોદન***
***જ્યાં જ્યાં શુભ નિહાળીએ ત્યાં ત્યાં કરીએ હદયથી અનુમોદના.***
***આપણે સહુ સાથે મળીને ચઢતા પરિણામમાં રહીએ તેવી ભાવના ભાવીએ.***
***વર્ષીતપનાં દરેક આરાધકો સુખશતામાં હશો.***

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

**લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ**
**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય**
**દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર**

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. બે કરોડ સાત લાખ)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.
* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❄ નમ્ર અપિલ ❄

પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા
આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

# સારા વિચારોથી જીવન બદલાય

**તંત્રી સ્થાનેથી...**

ભારતી શાહ



**Character is higher than intellect Thinking is the function Living is the functionary. A great soul will be strong to live, as well as strong to think.**

**Ralph Waldo Emerson**

વર્તમાન પત્રોમાં એક જાહેરાતમાં એક યોગગુરુએ જણાવ્યું હતું કે, **''જો તમારે મનની સાચી શાંતિ જોઈતી હોય, પરમાત્માનો સાક્ષાત્કાર કરવો હોય તો આવો ! અમારા વર્ગમાં જોડાઈ જાવ, અહીં તમારાં નકારાત્મક વિચારો અને ભટકતા મનને કાબુમાં રાખતા શીખવાડશું.''**

જાહેરાત વાંચીને સૌથી શિક્ષિત અને શ્રીમંત વર્ગના નબીરાઓ ઊંચી ફી ચૂકવીને યોગગુરુના વર્ગમાં દાખલ થયા. પ્રથમ દિવસે, યોગગુરુએ બધાને સંબોધતા કહ્યું, વિચારો અને મનનો ક્યારેય હિસાબ થતો નથી. દરેક વ્યક્તિ એકસાથે બે દુનિયામાં જીવે છે. **એક બહારની છે અને બીજી દુનિયા ભીતરની છે. બહારની દુનિયામાં વ્યક્તિ વિચારોથી વધારે જીવે છે.** સતત તેને એમ જ હોય છે કે, **''મારે મારું વ્યક્તિત્વ લોકો સામે શ્રેષ્ઠ બતાવવું છે.'' બીજી ભીતરની દુનિયા છે તે મનની છે .** વ્યક્તિ ભીતરથી ભયભીત બનીને જીવે છે મનમાં હંમેશા અશુભ વિચારોનો કબજો હોય છે. આ બધા નબીરાઓએ યોગગુરુ પાસેથી ઘણું બધું શીખવાના પ્રયત્નો કર્યા પણ પોતાની એકાગ્રતા કેળવીને વિચારો અને મનની આવનજાવનને રોકી શકતા નહોતા કેમ કે હજુ પણ તેમના મનમાં નકારાત્મક વિચારોના ગોડાઉનો ભરેલા જ હતા.

એક બીજું દ્રષ્ટાંત જોઈએ - બધી જ રીતે સાધન સંપન્ન અને સુખી એવા એક બિઝનેસમેને કોફી ટેબલ પર પોતાના ફેમિલી ડોક્ટર જે એના ખાસ મિત્ર પણ હતા તેને પૂછ્યું, 'દોસ્ત ! મને હંમેશા ખોટા વિચારો જ કેમ આવે ? મને એક અજ્ઞાત ભય સતાવી રહ્યો છે. મારા પુત્રને કંઈ થશે તો નહીં ને ? એ ઘરની બહાર જાય અને જમવાના ટેબલ પર ન દેખાય તો તરત જ મને ખરાબ વિચારો આવે છે આની કોઈ દવા છે ? કોઈ ઉપાય છે ?

ડૉક્ટરે મંદ મંદ મલકાતા પ્રેમથી મિત્રના ખભા પર હાથ મૂકી કહ્યું; ''દોસ્ત ! આની દવા તો તારી પાસે જ છે. **તારું મન સારી ખોટી ચિંતા કરે છે, તે જાગતું મન છે અને બીજું મન અજ્ઞાત મન છે, જે સુષુપ્ત મન કહેવાય છે.** આપણે રાત્રે નિદ્રામાં હોઈએ છીએ ત્યારે એ સુષુપ્ત મન જાગૃત થાય છે તે તમારી અંદર સંગ્રહ કરી રાખેલા વિચારોને જાતજાતના સ્વપ્ન રૂપે દેખાય છે જો તારે આવા અશુભ વિચારોને તિલાંજલિ આપવી જ હોય તો કોઈપણ ખોટા વિચાર જન્મ લે તે પહેલાં જ તને જે પણ ભગવાન, **ઈષ્ટદેવ પર શ્રદ્ધા હોય તો તેનું સ્મરણ કરીને મનને શુભ ભાવથી ભરી દેઈશ તો તમારા અજ્ઞાત મનમાંથી સારા વિચારોથી અશુભ વિચારો દૂર થતાં જશે આંતરિક બળ વધશે, આત્મશક્તિ ખીલી ઉઠશે. હંમેશા એક બાબતને સત્ય સમજી લો કે, જે સમયે જે બનવાનું છે તે બનીને જ રહેશે તેને સ્વીકારતા શીખી લો.**

માનવીને જન્મથી જ વિચારવાની ક્ષમતાનો સંચાર થતો હોય છે જે શક્તિ તેની ગળથૂથીમાં જ સમાયેલી હોય છે. વિચારવાની શક્તિ માનવીના મગજમાંથી મન દ્વારા ઉત્પન્ન થાય છે. અલબત્ત વિચારવાની ક્ષમતા દરેક વ્યક્તિ પાસે જુદી જુદી માત્રામાં રહેલી હોય છે. માનવીના ચાલતા શ્વાસોચ્છવાસની માફક જ વિચારો પણ મનમાં સતત આવતા જ રહેતા હોય છે હરપળ વિચારોરૂપી વમળમાં માનવી ફસાયેલો રહે છે.

ખોટા તથા નકારાત્મક વિચારોથી માનસિક તાણ ઊભી થાય છે. જેથી અશુભ વિચારોને, મનમાંથી તિલાંજલિ આપી દેવી જોઈએ. અણગમતા, ખોટા તથા ખરાબ વિચારો આવતા માનવીએ પોતાના મન પર કાબૂ મેળવી લેવો જોઈએ. **આજના આધુનિક યુગમાં માનવીએ પોતાના વિચારો તથા સ્વભાવ બદલવો જ પડે છે.** નવા તથા જૂના વિચારોના ઘર્ષણમાં માનવીએ નવા વિચારો સ્વીકાર્યા વગર ચાલે તેમ જ નથી સાથે સાથે એ ધ્યાનમાં રહેવું જોઈએ કે આપણા વિચારો દ્વારા કોઈને અન્યાય ન થવો જોઈએ.

માણસના વિચારો જ્યારે સામેથી વ્યક્તિના હૃદયને સ્પર્શ છે, ત્યારે એક નવો જ અનુભવ થાય છે **વિચારોની પણ એક વાણી છે જે સરસ્વતી બનીને જીભ પર વસે છે. લેખકોની કલમ દ્વારા તાકાત બનીને આવે છે.** કોઈપણ કાર્યમાં દક્ષતા પ્રાપ્ત કરવા માટે એક વિશિષ્ટ

Cont. page 6

જાગૃતિની જરૂર છે એ જાગૃતિ આપણને ત્યારે જ મળી શકે જ્યારે આપણા મનમાં ઉન્નતિ કરવાની ઉત્કટ ઈચ્છાશક્તિ મોજુદ હોય. જીવનને ઉંચી કક્ષા પર લઈ જવા માટે પ્રતિક્ષણ જાગૃત રહેવું જરૂરી છે. પરંતુ ઉમદા વિચારોનો ખજાનો પાસે હોવો જોઈએ. અમેરિકાના એક ચિંતક **રાલ્ફ વાલ્ડો એલ્ડો એમરસન કહે છે કે, ''તમે જેવું વિચારો છો તેવા જ તમે બનો છો. જો સતત નિરાશાવાદી અને ભયજનક નકારાત્મક જ વિચારો તમે કરતાં જ રહેશો, તો તમે સાવ નબળા મનના, હારેલા, થાકેલા માણસ બનશો. તમને તમારું પોતાનું જીવન કંટાળાજનક લાગશે. મોટાભાગના આત્મહત્યાના કેસોમાં આ જ કારણ સત્યની ભૂમિકા ભજવે છે.**

**અક્ષર, લેખન, વાણી, વિચાર અને અનુભવ એ ઉત્તરોત્તર ચડતી શ્રેણીઓ છે, અનુભવને આંબવામાં વિચાર વામણા સાબિત થાય છે આપણા પોતાના જ વિચારોના રંગોથી આપણે આપણા ભાવી જીવનને રંગીએ છીએ અને ભાગ્યના ક્ષેત્રમાં જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ.**

**''જેવા વિચાર કરશો તેવા તમે થવાના,**
**દિલના વિચાર નક્કી, જીવન બની જવાના...''**

આ પંક્તિ આપણને ઘણું બધું શીખવે છે, માણસ જેવા વિચાર કરે છે તેવો તે એક દિવસ બની જાય છે. તેથી જીવનમાં સફળતા પ્રાપ્ત કરવી હોય તો ઉચ્ચ વિચારો કરવા જોઈએ માણસ જેવા સંગમાં રહે છે તેવા તેને વિચારો આવે છે અને જેવા વિચારો કરે છે તેવા જ તે કાર્યો કરે છે તેથી જ **સજ્જન, સદ્‌ગુણી અને સંસ્કારી વ્યક્તિઓ સાથે મૈત્રી કેળવવી સારા અને ઉત્તમ વિચારોથી જ જીવન બદલાય છે.**

***"Be Positive + Think Positive + Act Positive"***
***Your Life is Best***

## ઠોકર જીવનમાં સાચો રાહ ચીંધે

સામાન્ય રીતે દરેક વ્યક્તિ સફળતા મેળવવા માટે મહેનત કરે છે. મહેનત કરવા સમયે અનેક કારણે ઘણીવાર ઠોકર પણ ખાય છે. ઠોકર જીવનને શિક્ષણ આપે છે. જીવનના રસ્તા પર ઠોકર લાગે તો જ સાચા રસ્તાની ખબર પડે. ઘણીવાર આપણો સમય ખરાબ ચાલતો હોય ત્યારે સાચી વસ્તુ કે વિચાર પણ નકારાત્મક લાગે છે. વ્યક્તિને જીવનમાં આગળ વધવું છે તેના માટે વિવિધ અનુભવો, મહેનત પણ જરૂરી છે. ઠોકર લાગવી જીવનમાં જેટલી જરૂરી છે, એથી વધુ જરૂરી ઊભા થવાનું છે. કારણ કે, ઠોકર લાગ્યા પછી જે ઝડપથી ઊભા થઈ જાય એને દુનિયા સલામ કરે છે. દુનિયામાં ભાગ્યે જ એવો માણસ હશે, જેણે ઠોકર નહીં ખાધી હોય. કારણ કે, ઠોકર વ્યક્તિને ઘણુબધું શીખવે છે. જો હકારાત્મક વિચાર કરીએ તો ઠોકર લાગવાથી જીવનમાં કંઈક કરી બતાવવાનો જોમ ને જુસ્સો મળી રહે છે અને જો નકારાત્મક વિચાર રાખીએ તો નાસીપાસ પણ થઈ જવાય છે.

કહેવાય છે ને કે, ભણતરની સાથે ગણતર જરૂરી છે, તેવી જ રીતે જીવનમાં આગળ વધવા માટે ક્યારેક ઠોકર ખાવી પણ જરૂરી છે. કારણ કે, તો જ આપણને ખબર પડે કે, શું આપણા માટે યોગ્ય કે અયોગ્ય છે. આપણા જીવનનો સાચો શિક્ષક જો હોય તો તે છે ઠોકર. ઠોકર ખાધા પછી કોઈ વ્યક્તિ આપણો કેટલો સાથ દેસે ને એ પણ જાણી શકાય છે. જ્ઞાનના વિકાસ માટે અભ્યાસ એટલે કે શિક્ષણ જરૂરી છે. તેમ જીવનમાં ગણતરના વિકાસ માટે એટલે કે, દુનિયાને ઓળખવા અને આગળ વધવા માટે ઠોકર જરૂરી છે. વગર ઠોકરે કોઈ વ્યક્તિ આગળ વધી શકતી નથી. જીવનના અવનવા પાઠ આપણને ઠોકર ભણાવે છે. આમ આપણા જીવનમાં ડગલે ને પગલે ઠોકર લાગે છે, ત્યારે કંઈને કંઈક શીખવા મળે છે, તેથી ગભરાયા વગર આગળ વધવું જોઈએ અને શીખવું જોઈએ.

## એપ્રિલ ફૂલ ખોટું બોલીને જ ઊજવી શકાય ?

એપ્રિલ ફુલ એટલે કે હાસ્ય દિવસ...! સૌને હસાવવાનો દિવસ અને મજાકમાં ખોટું બોલાવાનો દિવસ! બાળપણથી જ શીખતા આવ્યા છીએ કે ખોટું બોલવું એક પાપ છે, પણ શું એપ્રિલ ફુલ આપણે ખોટું બોલીને જ મનાવી શકીએ? હાસ્યાસ્પદ વાતાવરણ ઊભું કરવા ખોટું બોલવાને જ કેન્દ્રસ્થાને લેવું, એ કેટલે અંશે યોગ્ય કહી શકાય?

એપ્રિલ મહિનામાં પ્રથમ દિવસે સૌને એકબીજા સામે ખોટું બોલીને એકબીજાના ચહેરા પર ખુશી આપવાને સ્થાને જિંદગીભરની ખુશી પણ છીનવાઈ જતી હોય છે, જે વર્તમાન સમયની વાસ્તવિકતા છે. આપણી નજર સમક્ષ એવી અનેક દુર્ઘટનાઓ એપ્રિલ ફુલના મજાકમાં બની જતી હોય છે, ત્યારે નાની અમથી મજાક જિંદગીભર ભારે પડી જાય છે.

ખુશી આપવા કે ખુશી પ્રાપ્ત કરવા માટે માત્ર આ એક જ દિવસ શા માટે? ખુશી આપવાનો કોઈ દિવસ નથી હોતો. તે જ રીતે, જેમને ખોટું જ બોલવું છે, એમને કોઈ દિવસ નથી નડતો. જે લોકોની ટેવ હંમેશા ખોટું જ બોલવાની છે, એ કાંઈ ખોટું બોલવા માટે એપ્રિલ ફુલની જ રાહ જોઈ બેઠા હોય એવું ના હોઈ શકેને? ખુશી મેળવવાનો માત્ર એક જ દિવસ ના હોઈ શકે. ખુશી આપવા માટે સચ્ચાઈ, વિશ્વાસ અને પ્રેમનો ત્રિવેણી સંગમ ખૂબ જરૂરી છે. જ્યાં બાહ્ય અને આંતરિક ખુશી હોય છે, ત્યાં જુઠ્ઠાપણાનું મજાકમાં પણ કોઈ જ સ્થાન રેહતું નથી. આત્મીયતાથી ક્યારેક કોઈ સાથે જોડાઈને જીવનને આજીવન જીવંત બનાવી ખુશીની ક્ષણોને ઊજવી શકાય છે. માત્ર એક દિવસની ખુશી આપવા માટે શા માટે આપણા સિદ્ધાંતોથી વિરુદ્ધ પગલું ભરવું, હસી- મજાક માટે બીજા ઘણા બધા ઉપાયો હોઈ શકે છે ને? માત્ર, એક દિવસની જ નહીં, જિંદગીભરની ખુશી માટે

# હોલી ડે હોમ અને નવગ્રહ જિનાલયના સમારોહનો અહેવાલ

**તા. ૧૩, એપ્રિલ ૨૦૨૫ના રવિવારના** શુભ દિવસે સવારના ૧૦ કલાકે હિન્દી વિદ્યાભવન સ્કુલ, મરીનડ્રાઈવ ખાતે શ્રી પાટણ જૈન મંડળની વિવિધ પ્રવૃત્તિઓની રસભરી માહિતી આપીને તથા હોલી ડે હોમ અને નવગ્રહ જિનાલય જેનું નિર્માણ અત્યારે લોનાવાલા ખાતે પુર જોશમાં ચાલુ છે તે માટે શ્રી પાટણ જૈન મંડળના દાનવીર શ્રેષ્ઠી પરિવારો, પાટણના દરેક મહોલ્લાના ટ્રસ્ટીઓ તેમજ મુંબઈના સમસ્ત જૈન સંઘના શ્રેષ્ઠીવર્યોને ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં મહામંગલકારી નવકાર મંત્રનું પઠન સંગીતમય સૂરો સાથે **શ્રી પ્રકાશભાઈ ધોળકીયાએ** ગાઈને પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ પાટણ પ્રતિબિંબના તંત્રી **શ્રીમતી ભારતીબેન શાહે** ઉપસ્થિત સર્વેનું ભાવભર્યું સ્વાગત કરીને શ્રી પાટણ જૈન મંડળ હોલમાં ૧૧૩માં વર્ષમાં પ્રવેશ કરીને જે જે પ્રવૃત્તિઓ કરે છે તેની ટૂંકમાં માહિતી આપી હતી. તેમાં ***સૌરભ મેડિકલ હેલ્થકેર, પાટણ ખાતેની ટી.ડી.એસ.વી. સ્કૂલ, ''શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલી ડે હોમ''અને નવગ્રહ જિનાલયની ઝાંખી*** આપીને પાટણ શહેરનું મહત્વ બતાવ્યું હતું. શ્રી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને કુમારપાળ મહારાજાને સ્મૃતિમાં લાવી સૌએ પટણી હોવાનું ગૌરવ અનુભવ્યું હતું.

ત્યારબાદ આ કાર્યક્રમનું સંચાલન કરનાર **શ્રી શિરીષભાઈ શાહે** વિડિયો વિઝન સ્લાઈડ દ્વારા એક એક પ્રવૃત્તિઓ દર્શાવી હતી. વિગતવાર સમજ આપી હતી અને પાટણ સમાજ દિનપ્રતિ દિન ખુબજ પ્રગતિના પંથે ચાલી રહ્યો છે તે એક ગૌરવ લેવા જેવી બાબત છે તે જણાવ્યું હતું. સૌરભ મેડિકલ હેલ્થ સેન્ટર પૂર જોશમાં ચાલી રહ્યું છે દિન પ્રતિદિન લોકો એનો વધુને વધુ લાભ લઈ રહ્યા છે. ડોક્ટરો અને સ્ટાફ ખુબજ સારી સેવા આપે છે. પાટણ જૈન મંડળના કાર્યકરો પણ ત્યાં નિ:સ્વાર્થભાવે નિયમિત રીતે સવારના બે થી ત્રણ કલાક તેમની માનદ સેવા આપે છે. અત્યંત આધુનિક આ હેલ્થકેર ટૂંક સમયમાં એક હોસ્પિટલના સ્વરૂપમાં તૈયાર થઈ જશે. તેમાં હાર્ટ અને અન્ય વિવિધ રોગોના દર્દીઓને હોસ્પિટલમાં સારામાં સારો ઈલાજ મળે તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. અમને આશા છે કે પાટણ સમાજના શ્રીમંત પરિવારો ***''સાથી હાથ બઢાના'' સૂત્રને*** યાદ રાખીને આર્થિક રીતે યોગદાન આપીને આ સેન્ટરને વધુને વધુ ઉત્તમ કક્ષાનું બનાવવા માટે સહકાર આપશે તેવી અમોને ખાતરી છે.

પાટણ ખાતે નવ નિર્મિત અત્યંત આધુનિક કક્ષાની સમગ્ર બનાસકાઠાના પંથકમાં નંબર વન ગણાતી સ્કૂલ એટલે ટી.ડી.એસ.વી. સ્કૂલ. અત્યારે આજુબાજુના વિસ્તારમાંથી ભણવા આવતા વિદ્યાર્થીઓ એડમિશન માટે લાઈન લગાવે છે. પાટણ સમાજ ખુબજ ગૌરવ અનુભવે તેવી આ સ્કૂલ કાર્યરત છે.

પાટણ જૈન મંડળ તરફથી ચાલતી જીવન નિર્વાહ યોજના તેમજ સમાજ ઉત્કર્ષ સમિતિ તરફથી સમાજના મધ્યમ વર્ગના અને જરૂરિયાતમંદ પરિવારોને આ મોંઘવારીમાં અનાજ રાહત આપવામાં આવે છે, તેના માટે રૂા. બે લાખની એક સ્કીમ મુકવામાં આવી છે જેના થકી સાધર્મિક પરિવારોને સારામાં સારું અનાજ આપી તેમને રાહત આપી શકાય. આ અંગેની જાહેરાતમાં અપીલ કરાતા ગત અંકમાં પ્રસિદ્ધ થયેલ દાતાઓ સાથે લગભગ ૪૦ દાતાઓએ રૂા. બે લાખની સ્કીમને ઉત્સાહથી વધાવી લીધી હતી.

ત્યારબાદ પાટણ જૈન સમાજનો ***''ન ભૂતો ન ભવિષ્યતિ''*** જેવો આલિશાન કાર્યક્રમ હોલિ ડે હોમ સાથે નવગ્રહ જિનાલય વિશે સ્ક્રીન ઉપર લાઈવ બતાવીને વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સેવન સ્ટાર સમાન સંપૂર્ણ સગવડ સાથે હોલી ડે હોમ એક ભવ્ય નજરાણું પાટણ સમાજને મળશે અને નવગ્રહ જિનાલય ન ભૂતો ન ભવિષ્યતિ જેવું ભવ્યાતિ ભવ્ય બની રહ્યું છે. તેમાં નિલમ, રત્ન, માણેક, પાના, જેવા અનેક કિમતી રત્નોની નવગ્રહ મુજબ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવશે. પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો માટે ઉપાશ્રય પણ બનાવવામાં આવશે. જયપુર ખાતે રૂબરૂમાં પ્રમુખશ્રી દાનેશભાઈ, સેક્રેટરી **શ્રી દેવેશભાઈ તથા શ્રી ધર્મેશભાઈ જશવંતભાઈ** વગેરે બે થી ત્રણ વખત જયપુર જઈને પ્રતિમાજી બનાવવા માટે સોમપુરાની સાથે નક્કી કરીને આવ્યા છે. આ સાથે પદમાવતી દેવી, ચક્રેશ્વરી દેવી, અંબીકા માતા તેમજ લક્ષ્મીજી માતા માટે દાતા પરિવારોએ લાભ લીધો છે.

**શ્રી અજીતનાથ ભગવાન - શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી**

આ પ્રસંગે પાટણના જિનાલયોના ટ્રસ્ટીઓ જે ઉપસ્થિત હતા. કનાસાના પાડાની નાની શેરી - મોટી શેરી, પોળીની શેરી, મહાલક્ષ્મીમાતાનો પાડો, ગોવાલિયા જૈન સંઘના ટ્રસ્ટીઓ, કફ ફરેડ જૈન સંઘના ટ્રસ્ટી, ગોરેગામ જૈન સંઘના ટ્રસ્ટીઓનું માળા અને શાલ પહેરાવી બહુમાન કરાયું હતું.

- **કનાસાનો પાડો મોટા જિનાલય રૂા. ૨૭.૦૦ લાખ**
- **ફોફલિયો વાડો પોળની શેરી રૂા. ૨૭.૦૦ લાખ**

- **અરિહંત આરાધક ટ્રસ્ટ રતન નગર** **રૂા. ૨૭.૦૦ લાખ**
- **મહાલક્ષ્મીમાતાનો પાડો** **રૂા. ૧૧.૭૦ લાખ**
- **કનાસાનો પાડો નાનુ જિનાલય** **રૂા. ૧૧.૭૦ લાખ**

તે ઉપરાંત બે દેવીમાતાઓનો આદેશ **રૂ. ૬૩ લાખ** પ્રત્યેકનો આપવામાં આવ્યો છે, તેનાં લાભાર્થી પરિવાર છે.

**અંબિકા દેવી – શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)**

**મહાલક્ષ્મી માતા - શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)**

**આ સાથે હોલી ડે હોમના રૂ.૩૦ લાખના એક રૂમના લાભાર્થી - શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)**

**રૂ.૧૫.લાખ – શ્રીમતી પરેશાબેન મહેશભાઇ શાહ (જીવદયાધામવાળા)(કપુરમહેતાનો પાડો) સહોયગી દાતા**

**આ બધાં જ દાતા પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના.**

પ્રકાશ ધોળકીયાના (વોઈસ ઓફ મુકેશ) સુંદર કંઠે રાગ-રાગણીના સૂરો સાથે સ્તવનો, ભક્તિ ગીતો સાંભળીને સૌ ઉપસ્થિત લોકો આનંદિત થઈ ઉઠયા હતા.

**પ.પૂ. આચાર્ય ભગવંત વરબોધી સૂરિશ્વરજી મહારાજ સાહેબે** પણ પધારીને ઉપદેશ આપ્યો હતો અને જિનાલયનો તથા પ્રતિષ્ઠાનું મહત્વ સમજાવ્યું હતું. નવગ્રહ વિશે વાતો કરી હતી અને આશિર્વચન આપ્યા હતા. સાથોસાથ ગચ્છાધિપતિ **જયઘોષ સૂરીશ્વરજી મ.સા.**, નવકાર મંત્રના આરાધક **પ.પૂ. ભદ્રંકરવિજયજી મ.સા.** સ્મૃતિમાં લાવી તેમની વાતો કરી હતી. આ બન્ને પાટણના પનોતા પુત્રો હતા.

સેક્રેટરી **શ્રી દેવશભાઈએ** દાતાઓના નામની જાહેરાત કરી હતી.

કાર્યક્રમના અંતમાં **શ્રીમતી ભારતીબેન શાહે** આભારવિધિ કરી હતી.










# હોલી ડે હોમ અને નવગ્રહ જિનાલયના સમારોહનો અહેવાલ




















# હોલી ડે હોમ અને નવગ્રહ જિનાલયના સમારોહનો અહેવાલ



















# હોલી ડે હોમ અને નવગ્રહ જિનાલયના સમારોહનો અહેવાલ



















## શ્રી પાટણ જૈન મંડળ યોજિત
## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DATA SHRI

### લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી
**Rs. 10 Cr.**
**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**
**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

### દેરાસરના સંપૂર્ણ લાભાર્થી
**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**
**Rs. 5.25 Cr.**

### મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી
**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**
**Rs. 4.00 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) / શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી)
હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

**Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી**

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી)

હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

**Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) / શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
  હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્‌ગૃહસ્થ

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

- શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- અંબિકા દેવી - શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા - શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) - હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ - હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ (ખેતરવસી)
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા - હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ - હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી સુરેશભાઈ હિંમતલાલ શાહ - હ. શ્રી મિતેશભાઈ સુરેશભાઈ શાહ (શામળાજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ - હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ - હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ - હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવશી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ - હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી - હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર - હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (જીવદયા વાળા) (કપુરમહેતાનો પાડો)

# LONAVALA PROJECT SCHEME

## Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે.
૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે.
તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે,
જેના રૂા. ૨૫ લાખ રહેશે જેમાંથી રૂા. ૧૫ લાખ મૂર્તિ ભરાવવાના તથા
પ્રતિષ્ઠાના લાભના અને રૂા. ૧૦ લાખ સર્વસાધારણમાં વપરાશે.

# LONAVALA PROJECT SCHEME

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૮ લાખ અને ૫ લાખ સર્વસાધારણમાં વપરાશે.

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 2.25 Cr** ડાયનીંગ હોલ Grand
**Rs. 1.50 Cr** એન્ટ્રન્સ લોબી
**Rs. 1.25 Cr** ક્રિકેટ ગ્રાઉન્ડ
**Rs. 1.25 Cr** લેન્ડસ્કેપ એરિયા
**Rs. 1.25 Cr** હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
**Rs. 63 Lc** હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
**Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

૫૦ લાખથી વધારે રકમના લાભાર્થીઓ / દાતા શ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.

દાતા શ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.

જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.

**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

# PPL ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન – ૮ નો અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટસ સમિતિ દ્વારા રમત ગમત ક્ષેત્રે પણ ઈન્ડોર ગેમ્સ, આઉટડોર ગેમ્સ, સમાજના મુંબઈ ખાતેના વિવિધ વિસ્તારોના યુવા ખેલાડીઓની બનેલ ટીમો વચ્ચે દરવર્ષે આયોજન કરવામાં આવે છે, એજ રીતે ચાલુ વર્ષે પણ **PPL SEASON 8નું જાન્યુઆરી – ફેબ્રુઆરી** દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ સાત ટીમોએ ભાગ લીધો હતો.

**૨૭ ઓક્ટોબરના રવિવારના** ભવ્ય અને જંગી ઓક્શનથી શરૂઆત થઈ, આ ઈવેન્ટનો આધાર **''જેન્ટલમેન થીમ''** હતો. **મેઈન સ્પોન્સરર INIZIO BERYLLE** ના **શ્રી અમીતભાઈ અને શ્રીમતી પલ્લવીબેન, શ્રી ભુપેન્દ્રભાઈ અને શ્રીમતી આશીતાબેન કો. સ્પોન્સરર K. SEVANTILAL & CO.** ના **શ્રી રવિભાઈ અને શ્રીમતી સોનલબેને** હતા.

આ પ્રસંગે પાટણની ખિસકોલી મેસ્કોટ તરીકે વિશેષ રીતે રજૂ કરવામાં આવી હતી અને છ કલાક સુધી ચાલેલા ઓક્શનને રોલર - કોસ્ટર જેવી રસપ્રદ ગતિ મળી.

**આ ટુર્નામેન્ટની શરૂઆત તા. ૪ જાન્યુઆરી ૨૦૨૫થી થઈ** જેમાં કુલ સાત ટીમોના ૧૨૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો અને કુલ ૩૯ મેચો અલગ અલગ ગ્રાઉન્ડ દા.ત. લોનાવાલા, સુરત આઉટ સ્ટેશને રમાઈ હતી.

**ફાઈનલ મેચ તા. ૨ માર્ચ ૨૦૨૫ના** પોલીસ જીમખાના ખાતે વિજેતા બે ટીમો વચ્ચે રમાઈ હતી. પ્રથમ વખતના આવા મોટા આયોજનને સમાજના પરિવારો તરફથી ખુબજ ઉમદા સહયોગ પ્રાપ્ત થયો.

કુલ સાત ટીમો નીચે પ્રમાણે છે

(1) KS KINGS - Shri Ravibhai Sevantilal Shah
(2) MTM RIDERS - Shri Kamleshbhai Premchand Shah
(3) SK STRIKERS - Shri Sevantilal Kantilal Family
(4) NEW INDIA TITANS - Shri Chiragbhai Ashokbhai Shah
(5) CC MAVERICKS - Shri Manishbhai Shah
(6) IRASVA STARS - Shri Sandipbhai Kirtilal Shah
(7) SPS SUPERSTARS - Shri Sandipbhai Pramodbhai Shah

આ સમયે સૌ પ્રથમ બન્ને ટીમોના ખેલાડીઓ, ટીમ ઓનર્સો મુખ્ય સ્પોન્સરરો તથા કો-સ્પોન્સરરો તેમજ મંડળના પ્રમુખ તથા ઉપપ્રમુખો અને પદાધિકારીઓ તથા અન્ય હોદ્દેદારો તેમજ સ્પોટર્સ સમિતિના સભ્યો દ્વારા ગ્રાઉન્ડ ખાતે ઉભા રહી રાષ્ટ્રગીતને માન આપી મેચનો શુભારંભ થયો હતો.

આ પ્રસંગે મંડળના **પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ** દ્વારા પોતાના વક્તવ્યમાં સ્પોટર્સ સમિતિના આ ભવ્ય આયોજનને બિરદાવતા જણાવવામાં આવેલ કે, સંસ્થાને આવા આયોજનોથી એક નવી કેડી સાંપડી છે.

**ફાઈનલ મેચ MTM RIDERS અને KS KINGS વચ્ચે રમાઈ હતી.**

ટોસ જીતીને **MTM RIDERS** ટીમ દ્વારા પ્રથમ બેટીંગ કરાતા 6 વિકેટના ભોગે 159 રન બનાવવામાં આવેલ, ત્યારબાદ **KS KINGS** ટીમ તરફથી 159 રનના લક્ષ્યાંક કરતા ૨૦ ઓવર પર્યંત રસાકસી ભર્યા વાતાવરણ બાદ 152 રન જ બનાવી શકવાના પરિણામે **MTM RIDERS ટીમ 7 રનથી વિજેતા થઈ** હતી.

વિજેતા ટીમ **MTM RIDERS ને રૂા. ૩ લાખનો ચેક મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ** દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો. તેમજ રનર્સઅપ ટીમ **KS KINGS રૂા. દોઢ લાખનો ચેક મંડળના માનવંતા** પ્રમુખશ્રી **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ** દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો.

આ ટુર્નામેન્ટનું પ્રથમ રાઉન્ડથી ફાઈનલ રાઉન્ડ પર્યંતની **દરેક મેચોનું Sports Application દ્વારા Live પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દરેક મેચનું YouTube ઉપર Live Telecast** કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજના ૫૦૦ થી વધુ ક્રિકેટ રસીકો દ્વારા મોડી રાત સુધી ઉપસ્થિત રહી યુવા ખેલાડીઓને પ્રોત્સાહીત કરવામાં આવેલ. આ ક્રિકેટ ટુર્નામેન્ટના વિશાળ ખર્ચનો આર્થિક બોજો મંડળ ઉપર ન આવે તેવી વિચારધારાને સક્રીય કરતાં આયોજન ખર્ચની પુરી રકમ મેળવવાના સ્પોટ્ર્સ સમતિના સભ્યો દ્વારા થયેલ પ્રયત્નોને પરિણામે સમાજના દાતાઓ તરફથી ઉત્કૃષ્ટ પ્રતિસાદ સાંપડ્યો છે. સમાજના સર્વે સ્પોન્સરરો તેમજ ટીમ ઓનર્સોએ ઉદારતાથી આપેલ આર્થિક સહયોગ માટે હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવે છે.

સ્પોટ્ર્સ સમિતિના ઉપપ્રમુખ **શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ,** સેક્રેટરી **શ્રી વિનેશભાઈ અરવિંદભાઈ શાહ, શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ, શ્રી મિતેશભાઈ સુરેશભાઈ શાહ,** જોઈન્ટ સેક્રેટરી **શ્રી પરાગભાઈ રજનીકાંત શાહ, શ્રી આશિતભાઈ બિપીનભાઈ શાહ,** કમિટી મેમ્બરો **શ્રી ચિરાગભાઈ ચંદ્રકાંતભાઈ શાહ, શ્રી નિલેશભાઈ અરૂણભાઈશાહના** સહયોગ પ્રાપ્ત થયો હતો.

❑ **સ્પોટર્સ સમિતિ**

# PPL ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન - ૮ નો અહેવાલ























# PPL ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન – ૮ નો અહેવાલ



















# PPL ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન - ૮ નો અહેવાલ

















# વુમન એમ્પાવરમેન્ટ દ્વારા યોજાયેલ કાર્યક્રમનો અહેવાલ

**તા. ૮મી માર્ચ, ૨૦૨૫ના** રોજ પાટણ જૈન મંડળની **વુમન એમ્પાવરમેન્ટ સમિતિ** દ્વારા **આજીવાસન હોલમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનું** સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે **૩૭૫ મહિલા મેમ્બર્સ** એકબીજાની સિદ્ધિઓને સશક્ત કરવા, પ્રેરણા આપવા અને તેની ઉજવણી કરવા માટે એકત્ર થઈ હતી. ગુલાબી પોશાક પહેરેલી મહિલાઓથી આખો હોલ સુશોભિત લાગતો હતો. કાર્યક્રમની શરૂઆત વુમન એમ્પાવરમેન્ટની કોર કમિટી સેક્રેટરી **શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ, શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ, શ્રીમતી ડૉ. દિપ્તીબેન નિખીલભાઈ શાહ,** જોઈન્ટ સેક્રેટરી **શ્રીમતી જીમ્મીબેન તરંગભાઈ શાહ** તથા સમગ્ર કાર્યવાહક કમિટી મેમ્બર્સ દ્વારા ભાવપૂર્ણ નવકાર મંત્રના પાઠથી કરવામાં આવી હતી. **શ્રીમતી હીનાબેન શાહે** આદરણીય પ્રથમ ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ સાલવી, શ્રી રાજુભાઈ શાહ અને શ્રી રોહિતભાઈ શાહ,** દાતાઓ **શ્રીમતી કેતકીબેન શાહ, શ્રીમતી આસીતાબેન સાંડેસરા તથા શ્રીમતી સુધાબેન શાહ,** આદરણિય મહેમાનો **ડૉ. હર્ષિલભાઈ શાહ અને શ્રીમતી કોમલબેન શાહનું** ઉષ્માભર્યું સ્વાગત કરી મંચ ઉપર પધારવા આમંત્રિત કર્યા હતા. તમામ મહિલા સભ્યોને ઉષ્માભર્યો આવકાર આપ્યો હતો.

ઉપસ્થિત મહેમાનો અને મહિલા મેમ્બર્સને કમિટીની પાછલા વર્ષની પ્રવૃત્તિઓ વિશે અને તેમાં મળેલી સફળતા વિશે જણાવ્યું હતું અને આગામી પ્રોગ્રામ જેમ કે એજ્યુકેશનલ સેમિનાર, મહિલા મેરેથોન, વુમન્સ ક્રિકેટ WPL સિઝન ૨, ફ્લી માર્કેટ અને અન્ય મનોરંજન કાર્યક્રમોની જાહેરાત કરી હતી. ઉપસ્થિત સહુએ તાળીઓના ગડગડાટથી વધાવીને ઉત્સાહપૂર્વક પ્રતિસાદ આપ્યો હતો.

મંચ પર ઉપસ્થિત પ્રથમ વાઈસ પ્રેસિડન્ટ **શ્રી હેમંતભાઈ સાલવીએ** વુમન એમ્પાવરમેન્ટની સમગ્ર કમિટીના પ્રયાસો માટે પ્રસંશા વ્યક્ત કરી અને કોર ટીમને તેમના સમાજઉપયોગી કાર્ય બદલ અભિનંદન આપ્યા હતા.

**ડૉ. દિપ્તીબેન શાહે** આદરણીય મહેમાન **ડૉ. હર્ષિલ ભાવીની જનક શાહ ઓર્થોપેડિક સર્જન** અને **શ્રીમતી કોમલબેન શાહનો** પરિચય કરાવ્યો હતો. **ડૉ. શાહે** ૫૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને સામાન્ય ઑસ્ટિયોપોરોસિસ દ્વારા થતી સ્વાસ્થ્ય સમસ્યાઓ અંગે મૂલ્યવાન માર્ગદર્શન પુરું પાડ્યું હતું. ઓસ્ટીઓપોરોસીસની શરૂઆત થાય તો શું સાવચેતી રાખવી તે જણાવ્યું તેનો લોકોને ઘણો ફાયદો થયો. **શ્રીમતી કોમલ શાહ નાટ્ય થેરાપી દ્વારા રોગમુક્તિ** માટે પ્રતિષ્ઠિત પદ્મશ્રી પુરસ્કાર માટે નામાંકિત થયા છે તેઓએ પ્રેરણાદાયી વાર્તા કહી સંભળાવી, **''સમર્પણ અને સખત મહેનત નોંધપાત્ર ધ્યેયો પ્રાપ્ત કરવામાં મદદ કરી શકે છે.''**

**શ્રી હેરી** અને તેમની ટીમના મનોરંજક પ્રોગ્રામ સાથે આ કાર્યક્રમે મજેદાર રંગ જમાવ્યો. દરેક મહિલાઓએ સંગીતમય અંતાક્ષરી, નૃત્ય સાથે માણી અને ત્યારબાદ દરેક જણે સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમની પૂર્ણાહુતી કરતા **શ્રીમતી ભાવીનીબેન શાહે** પધારેલ સર્વે આમંત્રિતો તથા કાર્યક્રમને સફળ બનાવવામાં સહકાર આપનાર પ્રત્યેકને આભાર પ્રસ્તાવિત કર્યો હતો. ઉપસ્થિતોએ મીઠી માણેલી યાદો અને વુમન એમ્પાવરમેન્ટ ટીમને હંમેશા સાથ આપવાની પ્રતિજ્ઞા સાથે વિદાય લીધી.












WELCOME
WELCOME


WELCOME






WELCOME







# સાધર્મિક ભક્તિ એ જ સર્વોત્તમ પ્રિતી

પોતાના સહધર્મી ભાઈને, શ્રેષ્ઠ, સમર્થ અને દિવ્યગુણ સંપન્ન બનાવવો તેનું નામ સાધર્મિક વાત્સલ્ય, તેનું નામ સાધર્મિક ભક્તિ.

ભક્તિનો અર્થ છે પરમપ્રીતિ સહર્ધમી ભાઈને પણ શ્રેષ્ઠ, સમર્થ અને સંપન્ન બનાવવા માટે નક્કર પ્રયત્ન કરવા તેનું નામ સાધર્મિક ભક્તિ.

જૈન ધર્મના ઉમદા વિચારોને કેન્દ્રમાં રાખીને શ્રી પાટણ જૈન મંડળ સમાજના મધ્યમવર્ગના પરિવારોને હર પ્રકારે સાથ-સહકાર અને સેવા આપવાનો મુખ્ય ધ્યેય ધરાવે છે અને સતત કાર્યરત છે.

આપ સહું આર્થિક રીતે સાધન સંપન્ન શ્રેષ્ઠિઓ મળે છે કે સાધર્મિકોને સહાય કરવા દિન-પ્રતિદિન ભંડોળની જરૂર પડતી જ હોય છે. વધતી જતી કારમી મોંઘવારીમાં આ પરિવારોને સહાય કરવા ભંડોળ-ફંડની જરૂર તો પડતી જ રહે છે એના પછી જરૂર પડે છે, ઉત્કટ ભાવનાની અને સમર્પિત કાર્યકરોની આ ત્રિવેણી સંગમ સતત જો અકબંધ રહે તો શ્રી પાટણ જૈન મંડળના અનેકાનેક જીવનમાં એક દીપ પ્રગટાવી શકીશું.

આ અંગે અગાઉ જણાવ્યા મુજબ શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક મિટિંગમાં સર્વાનુમતે લેવાયેલા નિર્ણય મુજબ દાતા પરિવારો પાસેથી રૂા. ૨ લાખની રકમ નક્કી કરવામાં આવી છે.

આ રકમ શ્રી પાટણ જૈન મંડળને આવેલ દાન સ્વરૂપે ૮૦જી ના નિયમ હેઠળ કરમુક્ત છે, સંસ્થામાં આજ સુધી ૪૦ દાતાઓના નામ આવી ગયા છે તે સર્વેનો ખૂબ ખૂબ

પ્રતિબિંબના આ અંકમાં દાતા પરિવારોના નામની નોંધ લેવામાં આવી છે.

મે ૨૦૨૫ના પહેલાં જ વીકમાં અમારી પાસે જેટલા પરિવારોના નામ - સરનામાં આવી ગયા છે તે મુજબ તેમના ઘરે સીધુ જ અનાજ પહોંચી જશે કોઈપણ કુટુંબને મુંબઈ સુધી લેવા આવવું નહીં પડે આ પરિવારોની ઓળખ ખાનગી રહેશે.

*''મનમાં છે ભાવના, કરવી દીન દુ:ખીયાનો ઉદ્ધાર,*
*જો મળશે સાથ તમારો તો કરીશું માનવતાનો જયજયકર''*

## -: રૂા. ૬,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતા :-

*શ્રીમતી વિમાળાબેન નવીનચંદ્ર શાહ (ઝવેરી વાડો) હ. મયુરભાઈ, તુષારભાઈ, અનિશભાઈ*

## -: રૂા. ૨,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-

૧. શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (કનાસાનો પાડો)
૨. શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
૩. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી )
૪. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પરિવાર (કુંભારીયા પાડો)
૫. શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૬. શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)
૭. શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ (ચિતારાની ખડકી)
૮. શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી (કુંભારીયા પાડો)
૯. શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
૧૦. શ્રીમતી નિજલબેન દેવેશભાઈ રમેશચંદ્ર શાહ (વખતજીની શેરી)
૧૧. શ્રીમતી કાનલબેન હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ (કપુરમહેતાનો પાડો)
૧૨. શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
૧૩. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ (ડંકમહેતાનો પાડો)
૧૪. શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)
૧૫. શ્રીમતી અરૂણાબેન બાબુલાલ શાહ (વખતજીની શેરી)
૧૬. શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ શાહ (પોળની શેરી)
૧૭. શ્રી કમલેશભાઈ પ્રેમચંદ શાહ (વખતજીની શેરી)



# સાધર્મિક ભક્તિ અભિયાન – અનાજ વિતરણના દાતાશ્રીઓ

## -: રૂા. ૨,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-

૧૮. શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
૧૯. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ (ચિતારાની ખડકી)
૨૦. શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો)
૨૧. શ્રી સંદિપભાઈ રમેશચંદ્ર શાહ (કટકિયા વાડો)
૨૨. સ્વ. શ્રીમતી કુસુમબેન કાંતિલાલ નાનકચંદ તેલિયાવાલા (મનમોહનજીની શેરી)
૨૩. શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ (અબજી મહેતાનો પાડો)
૨૪. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ મહાસુખલાલ શાહ હ. ધીરેનભાઈ (અબજી મહેતાનો પાડો)
૨૫. શ્રીમતી દેવિન્દ્રબેન ભરતભાઈ શાહ (ઢંઢેરવાડો)
૨૬. રેનસન્સ ફાઉન (કપુરમહેતાનો પાડો)
૨૭. શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)
૨૮. શ્રીમતી મંજુલાબેન દિલીપભાઈ શાહ (વાસુપૂજ્યની શેરી)
૨૯. શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર શાહ (શામળાજીની શેરી)
૩૦. શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી (મનમોહનજીની શેરી)
૩૧. શ્રીમતી વસંતબેન ચંપકલાલ ઝવેરી (મનમોહનજીની શેરી)
૩૨. શ્રીમતી રચનાબેન વિક્રમભાઈ રસિકલાલ નગરશેઠ (મણિયાતી પાડો)
૩૩. શ્રી સુરેખાબેન નવનીતલાલ મણિલાલ શાહ (ભાભાનો પાડો)
૩૪. શ્રી ધીરેનભાઈ અને શ્રી નરેનભાઈ જયંતિલાલ ઝભલાવાલા (મહાદેવાજીની શેરી)
૩૫. શ્રીમતી ગીતાબેન અશોકભાઈ ઝવેરી (મનમોહનજીની શેરી)
૩૬. શ્રી કિરણભાઈ વ્રજલાલ શાહ - ચેન્નઈ (ચિતારાની ખડકી)
૩૭. શ્રીમતી નીનાબેન કિરણભાઈ શાહ - ચેન્નઈ (ચિતારાની ખડકી)


શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત

**શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**

મેળવો ત્રણ ત્રણ લાભ

- સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન
- સાધર્મિક ભક્તિ
- મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✳ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ

ADVT

Owned & Managed by

**Shree Patan Jain Mandal**

# SAURABH MEDICAL HEALTH CARE

101-201, Prem Tower-A, 8, Jawahar Nagar, Opp. Cinemax Theatre, S.V. Road, Goregaon (West), Mumbai-400104.

MORE THAN 112 YEARS IN SOCIAL SERVICE

APPOINTMENT TIMING : 9 AM TO 6 PM (Mon. To Sat) • Tel. : 022-3177 4129
M : 8369844115 • E : smhc@patanmandal. org • Web : www.saurabhmedicalhc.org
PATIENT SAFETY & QUALITY OF CARE ACCREDITED BY NABH

## OSTEOPOROSIS & ARTHRITIS HEALTH CHECK UP

### • OSTEOPOROSIS (हड्डीया कमजोर या तेडी होना) •







### WITH 27 PARAMETERS

Rs. ~~4000/-~~

Rs. 1980/-

*Terms & Cond. Apply

- CBC (15)
- ESR (1)
- CRP (1)
- FBS (1)
- PLBS (1)
- RA TEST (1)
- S. URIC ACID (1)
- VITAMIN D3 (1)
- VITAMIN B12 (1)
- S. CALCIUM (1)
- T3 T4 TSH (3)
- ANTI. CCP • ANA • HLA-B27 (IF REQUIRED - CHARGES EXTRA)
- RELEVENT X-RAY (IF REQUIRED - CHARGES EXTRA)
- CONSULTATION WITH ORTHOPAEDIC DOCTOR

NOTE : FASTING REQUIRE (10 TO 12 HOURS)

### • ARTHRITIS (संधीवात) •







Please bring your previous investigations reports, if any.

Owned & Managed by

**Shree Patan Jain Mandal**

# SAURABH MEDICAL HEALTH CARE

SMHC

NABH ACCREDITED

101-201, Prem Tower-A, 8, Jawahar Nagar, Opp. Cinemax Theatre, S.V. Road, Goregaon (West), Mumbai-400104.

Shree Patan Jain Mandal — ESTD. 1912

MORE THAN 112 YEARS IN SOCIAL SERVICE

APPOINTMENT TIMING : 9 AM TO 6 PM (Mon. To Sat) • Tel. : 022-3177 4129
M : 8369844115 • E : smhc@patanmandal. org • Web : www.saurabhmedicalhc.org
PATIENT SAFETY & QUALITY OF CARE ACCREDITED BY NABH

Follow us on : LinkedIn facebook

FREE **HOME VISIT** FOR EVERY BLOOD PACKAGES FREE

ALL INDIVIDUAL BLOOD TEST ALSO DONE HERE.

**Rs.810/- Fever Package** ~~RS. 1700/-~~
- CBC & ESR
- Malaria Antigen
- Widal
- Typhi DOT Igm
- Dengue NS1
- Urine Routine

**Rs.810/- Silver Package** ~~RS. 1890/-~~
- CBC & ESR
- HbA1c
- Blood Sugar (Fasting)
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine

72 Parameters

**Rs.1260/- Golden Package** ~~RS. 3060/-~~
- CBC & ESR
- Blood Sugar (Fasting)
- HbA1c
- Thyroid Profile
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine
- Calcium
- Vitamin D3
- Vitamin B12

77 Parameters

**Rs.1710/- Platinum Package** ~~RS. 5580/-~~
- CBC & ESR
- Blood Sugar (Fasting)
- HbA1c
- Thyroid Profile
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine
- Calcium
- Vitamin D3
- Vitamin B12
- PSA (For Male)
- CA 125 (For Female)
- Iron Studies
- LDH
- CPK
- CRP

83 Parameters

SMHC IS ACCREDITED BY NABH

ALL PATHOLOGY TESTING BY BECKMAN COULTER (WORLD BEST MACHINE)

**Our Blood Collection Centres**

Marine Drive • 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
Time : 7.00 am to 11.00 am • Mob.· 8369062255

HOME VISIT AVAILABLE AT ALL CENTERS (BY APPOINTMENT) MONDAY TO SATURDAY
APPOINTMENT TIME : 9.00 AM TO 6.00 PM • PHONE NO : 022-31774129 / +91-8369844115 / 8850521582

# જીવન મહેક એક નવી પહેલ સાથે આગળ વધી રહ્યું છે !




## "Coffee Day"

**રવિવાર તા. ૦૪- ૦૫-૨૦૨૫**

**સ્થળ : ગરવારે ક્લબ, ચર્ચગેટ • સમય : સાંજે ૪.૦૦ થી ૬.૦૦**

**પેમેન્ટ માત્ર રૂા. ૨૦૦/-**

જીવન મહેક પ્લેટફોર્મ પર આજના સમયે આશરે ૩૦૦-૩૫૦ બાયોડેટા ઉપલબ્ધ છે.
વર્તમાન સમયમાં ઘણા લોકો માત્ર બાયોડેટા અને ફોટા જોઈને નિર્ણય લઈ લે છે, જ્યારે વ્યક્તિગત રીતે મળ્યા વિના કે વાતચીત કર્યા વિના આ પ્રકારના નિર્ણયો લેવા યોગ્ય નથી.
આ બાબતને ધ્યાનમાં રાખીને જીવન મહેક એક નવા **Vision** સાથે લાવી રહ્યું છે, **"Coffee Day"** નો કોન્સેપ્ટ.

દર મહિને એક રવિવારે આયોજિત થનારો આ **"Coffee Day"** રસ ધરાવતા કેન્ડિડેટ્સ માટે એક એવું પ્લેટફોર્મ રહેશે, જ્યાં તેઓ એકબીજાની સાથે મળીને, રસપ્રદ વિષયો પર ચર્ચા કરશે અને અનૌપચારિક વાતાવરણમાં એકબીજાને સારી રીતે જાણી શકશે.

આ રીતે વારંવાર મળવાથી કેન્ડિડેટ્સની ગુણવત્તાઓ, વ્યક્તિગતતા અને કોમ્પેટિબિલિટી (સુસંગતતા) સમજવામાં સરળતા થશે અને જીવનસાથી માટે યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થશે.

આ નવી પહેલ તમારા માટે યોગ્ય જીવનસાથી શોધવા માટે એક અનોખો અને અસરકારક પ્રયાસ છે.

અને હા, જો તમે પણ આ **"Coffee Day"** માં જોડાવા ઈચ્છા રાખતા હો તો સમય ગુમાવ્યા વિના તરત તમારી સીટ બુક કરો.

**રૂા. ૨૦૦/-નું પેમેન્ટ કર્યા પછી નામ લખી સાથે સ્ક્રીનશોટ મોકલવો અને નીચેના કોઈપણ સભ્યનો સંપર્ક કરો:-**

**શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વિમાવાળા) (કન્વીનર) : 9323742789**
**શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ (સેક્રેટરી) : 9323953779**
**શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ (સેક્રેટરી) : 9769369196**
**શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ (સેક્રેટરી) : 9819007469**
**શ્રીમતી પુજાબેન ચિરાગભાઈ શાહ (જોઈન્ટ સેક્રેટરી) : 9987590238**

જીવન મહેક

---

**ફેબ્રુઆરી-૨૦૨૫, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પુણ્યશાળીઓ**

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન: (૦૨૭૬૬)૨૨૦૨૦૩

**મુંબઈ કાર્યાલય:- ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. મો. : ૮૮૨૮૧૫૦૦૮૭**

મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | | | |
|---|---|---|---|
| મે. પેક પ્રિન્ટ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. | ૬,૦૦,૦૦૦ | શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ | ૫૦,૦૦૦ |
| શ્રીમતી નિતાબેન કેતનભાઈ શાહ | ૫,૫૧,૦૦૦ | મે. સી.જે. શાહ અને કું. | ૩૭,૦૦૦ |
| ઓરા જૈન સંઘ | ૧,૪૦,૦૦૦ | શ્રી અશોકભાઈ શૈલેષભાઈ પારેખ | ૩૬,૦૦૦ |
| શ્રી વિનેમી શેર્સ અને સ્ટોક બ્રોકર્સ | ૧,૦૮,૦૦૦ | શ્રી ફોર્ટ તપગચ્છ મૂર્તિપૂજક જૈન સંઘ | ૩૧,૦૦૦ |
| શ્રી સુરેશચંદ્ર કે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧,૦૮,૦૦૦ | શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ઝવેરી | ૨૭,૦૦૦ |
| શ્રી મહાદેવાજી પાર્શ્વનાથ (ખેતરવસીનો પાડો) | ૧,૦૧,૦૦૦ | શ્રી અનીષભાઈ નવિનચંદ્ર શાહ (ઝવેરીવાડો) | ૨૭,૦૦૦ |
| શેરીના સભ્યો તરફથી મહોત્સવ નિમિત્તે | | હ. શ્રીમતી લીનાબેન નિગનેશભાઈ શાહ | |
| શ્રીમતી નિર્મળાબેન ધીરજલાલ શાહ (ખેતરવસી) | ૧,૦૦,૦૦૦ | શ્રી દેવેન્દ્રભાઈ નાનકચંદ શાહ | ૨૧,૦૦૦ |
| શ્રી ધીરજલાલ પોપટલાલ શાહ (ખેતરવસી) | ૧,૦૦,૦૦૦ | શ્રીમતી રેણુકાબેન રજનીભાઈ શાહ | ૨૧,૦૦૦ |
| શ્રી કેસરીયાજી આદેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટ | ૫૪,૦૦૦ | શ્રીમતી લોપાબેન મુકેશભાઈ શાહ (લખિયારવાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી મૈત્રી બિમલભાઈ શાહ | ૫૪,૦૦૦ | શ્રીમતી પ્રવિણાબેન કેશરીચંદ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી ભીમશી રતનજી કારીયા | ૫૪,૦૦૦ | નવરંગપુરા જૈન સંઘ | ૧૧,૦૦૦ |
| જીન સેવા ફાઉન્ડેશન | ૫૧,૦૦૦ | સહકાર નિવાસ જૈન સંઘ, તારદેવ | ૧૦,૦૦૦ |
| શ્રી જતીનભાઈ કનુભાઈ શાહ | ૫૧,૦૦૦ | પતાકા લાગા ફંડ | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

# શ્રી પાટણ જૈન મંડળ આયોજીત
# જીવન નિર્વાહ સહાય યોજના

કોરોના વખતે આપણા પાટણના જૈન સાધર્મિક પરિવારોને પડતી આર્થિક મુશ્કેલીઓ જેવી કે કોઈની નોકરી જતી રહી, ગેસ, લાઈટ તેમજ ભાડાની રકમ ભરવા પણ તેઓ પાસે પૈસા ન હોય તેવા પરિવારો માટે આપણા જ સમાજના ૮ થી ૧૦ ઉદારદિલ પરિવારોએ સાથે મળીને બે વખત રૂા. ૫૦૦૦/- અંદાજે ૩૧૫ જરૂરિયાતમંદ પરિવારોને સીધા તેમના બેન્ક એકાઉન્ટમાં મોકલ્યા હતા.

આવી વિકટ પરિસ્થિતિ તેમજ સતત વધતી જતી મોંઘવારીએ પોતાનો ભરડો મજબૂત બનાવેલ છે, તેની અસરો અત્ર, તત્ર સર્વત્ર વરતાય છે, તેવા સમયે મધ્યમ વર્ગ કે નહીવત આવક ધરાવતા પરિવારના સભ્યોને પોતાના જીવન નિર્વાહ માટે ઘણા સંઘર્ષ કરવા પડે છે, તેમાં પણ કદાચ કોઈ મોટી બિમારી આવે ત્યારે તો આર્થિક મદદ માટે સામાજીક સંસ્થા પાસે જવું પડે છે, છતાંય તેની જરૂરિયાત સંતોષવા માટે તે અપુરતી થાય છે તેવી પરિસ્થિતિમાંથી પસાર થતાં સમાજનાં પરિવારોને આપણી જ માતૃ સંસ્થા દ્વારા આર્થિક સહયોગ મળી રહે તેવા ઉમદા વિચાર પરિણામ સ્વરૂપે સાકાર થયેલ છે.

**''જીવન નિર્વાહ યોજના''**

આ યોજના અંતર્ગત સંસ્થામાંથી મહિલા ઉત્કર્ષ, વૃદ્ધજન સહાય, વિધવા સહાય કે આર્થિક સહાય મેળવવા માટે આપની અરજીઓ અન્વયે પ્રાપ્ત થતી સહાય ઉપરાંત શક્યતઃ વધુમાં વધુ રકમની સહાય **''જીવન નિર્વાહ યોજના''** હેઠળ આવરી લેવામાં આવશે.

શ્રી પાટણ જૈન મંડળના હોદ્દેદારો તેમજ વર્કીંગ કમિટીએ આ યોજના માટે જાતે જઈને સર્વે કરેલ છે, જુન ૨૦૨૨થી શરૂ થયેલ યોજના ચાલુ જ રહેશે. વર્ષ દરમ્યાન દર ત્રણ વખત સહાય તેમના બેન્ક એકાઉન્ટમાં ડાયરેક્ટ મોકલવામાં આવે છે, આ ઉપરાંત હોસ્પિટલમાં સારવાર માટે થયેલા ખર્ચમાં પણ મંડળ નિયમાનુસાર અપાતી સહાય ઉપરાંત આ યોજના અંતર્ગત શક્યતઃ પૂર્ણત સહાય આપવાનું વિચારણાધીન છે, તેમજ સાધર્મિકોને પગભર કરવાની યોજના પણ વિચારણા હેઠળ છે જે પુરી થયા બાદ મેડિકલ પણ આપવાની યોજના વિચારણા હેઠળ છે.

**આ સમગ્ર જીવન નિર્વાહ યોજના માટે વધુ ભંડોળની આવશ્યકતા છે જે નીચે મુજબ છે.**

**રૂા. ૩૧,૦૦,૦૦૦/- મુખ્ય લાભાર્થી**

**રૂા. ૨૨,૦૦,૦૦૦/- સહયોગી લાભાર્થી**

**રૂા. ૧૧,૦૦,૦૦૦/- સહાયક દાતા**

આ યોજના હેઠળ આપશ્રી CSR (Corporte) મારફત દાન આપી શકો છો, આ ઉપરાંત અપાયેલ દાનની રકમ ઈન્કમ ટેક્ષ ૮૦જી કલમ અન્વયે ૫૦ ટકા કર મુક્તિને પાત્ર છે.

**યોજના અંતર્ગત મળનાર લાભો :-**

- આ યોજના અન્વયે પ્રાપ્ત થયેલ દાન અન્વયે પાટણ પ્રતિબિંબ તથા સંસ્થાના વાર્ષિક અહેવાલમાં એક-એક વખત ફોટો છાપવામાં આવશે.
- આ યોજના અન્વયે મંડળની વ્યવસ્થાપક સમિતિમાં નિયત થયા મુજબના આજીવન સભાસદ તરીકેના હક્ક આપવામાં આવશે.
- આ યોજના અન્વયે દાતાશ્રીનું નામ બાર માસ પર્યંત પાટણ પ્રતિબિંબમાં પ્રકાશીત કરવામાં આવશે.

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ**
**પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ**

## પાટણ પરિવારોને અગત્યની સૂચના

સમાજના ઘણા પરિવારોને 'પ્રતિબિંબ' મળતું નથી અને ઘણા પરિવારોના 'પ્રતિબિંબ' સંસ્થાની ઓફિસમાં પાછા આવે છે તો અમારી નમ્ર વિનંતી છે કે જેઓને પ્રતિબિંબ મળતું નથી તેઓ લેખિતમાં પુરૂ નામ, સરનામું મુંબઈ પીનકોડ નંબર અને ઈમેલ એડ્રેસ મોકલી આપો. જો તમે જગ્યા બદલી હોય તો નવા ઘરનું એડ્રેસ તાત્કાલિક મોકલી આપો સાથે તમારો મોબાઈ નંબર લખવા વિનંતી.

# સુગંધનું સરનામું

આપણા કારણે કોઈના ચહેરા ઉપર સ્મિત છલકે એને આપણું ખરું ભાગ્ય સમજવું. આપણે સુખડ જેવા બનીએ સુખડની જેમ ઘસાઈને ચારે તરફના વાતાવરણને મધમધતું મહેકતું ને સ્નેહ-પ્રેમથી છલકતું કરીએ એમ થતું હોય તો એ કામ પહેલું કરવું વર્ષે દહાડે ૨૫-૫૦ હજારનું દાન કરનાર વ્યક્તિ સગા ભાઈના મુશ્કેલીમાં સાથ નથી આપતો. ભાઈના ત્યાં પ્રસંગ આવે ને એ તમારા ત્યાં ચીજવસ્તુઓ લેવા આવે ત્યારે ગણીને આપવામાં આવે ને પ્રસંગ પૂરો થતાં પાછું આપી જાય. ત્યારે ફરી ગણવામાં આવે. વસ્તુ ઓછી થઈ હોય કે એમાં નુકસાન થયું હોય તો વસુલ કરવામાં આવે. ગજબ તમારી ઉદારતા છે ! ને ગજબ તમારો પ્રેમ છે.

માર્ગમાં જે મળે એને વ્હાલ ધરીએ એમાં આજ કે કાલ ન કરીએ લાખોના સુકૃત કરનારો પાઈ પાઈનું બિલ ચૂકવે એને દિલનો ઉદાર કહી શકાશે ? એક વાત બરાબર યાદ રાખી લો. ઉપકાર લેવાનો વખત તો જીવનમાં સો વાર આવે છે પણ ઉપકાર કરવાનો અવસર તો જિંદગીમાં એકાદવાર જ આવે છે.

ધારો કે કોઈ પાર્ટીમાં તમારા દસ લાખ રૂપિયા ફસાઈ ગયા છે તમે ઉઘરાણી કરીને થાક્યા છો પૈસા પાછા આવતા નથી, તમને ચિંતા થાય છે. પણ પૈસા ન આવવાથી ધંધામાં કે ઘરમાં કોઈ તકલીફ પડતી નથી. મનમાં એમ થાય છે કે પૈસા પાછા આવી જાય તો સારું. તમે એ માટે બાધા રાખી હોય, પૈસા પાછા લાવવાના તમારા બધા જ પ્રયાસ ને પ્રવાસ ચાલુ જ હોય ને અચાનક જ પાર્ટીનો ફોન આવે કે દસમી તારીખે રકમ લેવા આવી જજો નક્કી કરેલી તારીખે તમે ત્યાં પહોંચ્યા. ત્યાં તમે જોયું તો તમારા જેવા બીજા વીસ માણસો બેઠા છે. પાર્ટી પાસે તમારા દસ લાખ તૈયાર છે. પાર્ટી આપતી વખતે તમને પૂછે છે કે અહીં આ નાના નાના વીસેક જેટલા માણસો બેઠા છે એ દરેકનો જો હું થોડી થોડી રકમ આપી દઉં તો એમનું કુટુંબ પોષણ થઈ શકે તેમ છે. એમની આજીવિકા ચાલી શકે તેમ છે. સ્કૂલ-ટ્યુશન ફી, રસોડું, ઘરનું ભાડું આ બધું જ એ લોકોનું આ નાની રકમમાંથી જ થઈ જાય તેમ છે અને તમને જો આ દસ લાખ આપી દઉ તો આ સહુને આપવા માટે મારી પાસે એક કોડી બચે તેમ નથી. હવે તમે કહો તેમ હું કરું, વચન આપ્યા પ્રમાણે કાં તો તમને દસ લાખ આપી દઉ ને કાં તો તમારી રજા લઈને આ નાના-નાના માણસોને થોડા થોડા વહેચી દઉ. બોલો તમે કહો તેમ કરવા તૈયાર છું.

એ પાર્ટીને તમે શું જવાબ આપો ને તમે એની સાથે કેવો વ્યવહાર કરો એ વધુ એક તરફ રાખો પણ હું તમને પૂછુ છું કે તમે શું કરો ? દસ લાખ જતાં હશે કે વીસ-પચ્ચીસ પરિવારને બચાવી લો ? દસ લાખ લઈને ઘર ભેગા થઈ જવાની લાલચ જાગે તો સમજવાનું કે સુખડની જેમ ઘસાઈને બીજાને સુગંધિત કરવાની લાયકાત આપણામાં આવી નથી.

તમારા પૈસાથી કોઈની આંખ લૂછાતી હોય ને આંતરડી ઠરતી હોય તમે એ આશીર્વાદ છે ને તમારો પૈસો કોઈની આંખે આંસુ લાવતો હોય ને આંતરડી કકળાવતો હોય તો એ અભિશાપ છે.

પૈસાને પ્રેમ કરતાં પૈસાની પૂજા કરતા, પૈસાને પંપાળતા લોકોની કોઈએ નોંધ લીધી નથી અને પૈસા જેણે ત્યાગીને અન્યને સંભાળ્યા છે - સાચવ્યા છે એનો ઈતિહાસ લખાયો છે.

જગાસિંહ નામના શેઠ હતા એમને ત્યાં ૩૬૦ નોકરો કામ કરે. શેઠને રોજ મનમાં એમ થાય કે આ બધાને મારે ગુલામીમાંથી મુક્ત કરાવી દેવા છે ને માલેતુજાર શેઠિયાઓ બનાવવા છે જલ્દી જલ્દી કરોડપતિ બનવાની ઈચ્છા તો લાખો લોકોને જાગે છે પણ જલ્દી જલ્દી હું બીજાને કરોડપતિ શેઠિયાઓ બનાવી દઉ એવી ઈચ્છા તો કોઈ વિરલાઓને જ જાગે. જગાસિંહે આ કામ કર્યું પોતાની તમામ સંપત્તિના ૩૬૦ ભાગ કર્યા ને નોકરોને આપી દીધા, રાતોરાત નોકરો માલેતુજાર થઈ ગયા.

જગાસિંહ વિચારે છે, જેમની વફાદારી ને શ્રમના કારણે જ હું તો હું અહીં સુધી પહોંચ્યો હતો. જગાસિંહે આ ખુશીમાં જમણ ગોઠવ્યું. એનો આનંદ એવો ફેલાયો કે ૩૬૦ નવા શેઠિયાઓએ રોજનું ગામ જમણ કર્યું. ગામમાં સળંગ એક વરસ સુધી ધુમાડા બંધ ભોજન થયું. દુષ્કૃતનો ચેપ લાગે છે એવું નથી બનતું. ક્યારેક કોઈને આવા જગાસિંહ જેવાનો સુકૃતનો સત્કાર્યોનો પણ ચેપ લાગે છે. શરત એટલી જ છે કે હૈયામાં ઉપકાર બુદ્ધિ હોવી જોઈએ ખાનદાન ક્યારે પણ કોઈ ઉપકારને ભૂલતો નથી. સામાન્ય વાતચીતમાં પણ એ ઉપકારીઓને સંભારી લે છે અને નીચ માણસ ઉપકારીના ઉપકાર સામે બે જ કામ કરે છે કાં અપકાર ને કાં ઉપેક્ષા સજ્જન પોતાના ગુણ ને બીજાના અવગુણ બન્નેને ઢાંકે. જન્મ ધારણ કરતાં, જન્મદાતાથી માંડીને જીવનદાતા સુધીની હજારો વ્યક્તિના ઉપકારોથી આપણે મોટા થયા છીએ કોઈનો ઉપકાર લીધો છે તો બદલા સ્વરૂપે કોઈ ઉપર ઉપકાર કરવો જરૂરી છે આપણને મધમધતા બનાવવા કોઈકે તો ઘસારો વેઠયો જ છે હવે કોઈના માટે આપણે પણ સુખડ બનીએ.

દુઃખ તો આપણા જીવનમાં ય ઓછો નથી એ તમામ દુઃખો દૂર કરવા માટે એક અમોઘ ઉપાય છે બીજાને સહાય કરવી બીજા માટે આપણે સહાયક બનીએ ત્યારે એના તરફથી જે દુઆ મળે છે એ દુઆ જ આપણા દુઃખોને ઓગાળી નાંખે છે.

સ્વાર્થ બુદ્ધિ વિચારે છે પહેલા હું પછી મારા અને તે પછી બીજા. જ્યારે પરાર્થ બુદ્ધિ ઉપકારી બુદ્ધિની વિચારણા સાવ જ જુદી છે. પહેલા બીજા પછી મારા અને છેલ્લે હું આવા લોકો જગતના લોકોને વ્હાલ કરવામાં કદી કાલની રાહ જોતા નથી. બીજાના ચહેરા ઉપર સ્મિત છલકાવાની માસ્ટર કી એમની પાસે હોય જ છે. કેમકે એ સુખડ છે એના બે દોસ્તો છે ફુલ અને ધૂપસળી. આ ત્રણેય સુગંધનું સરનામું છે ને ત્રણેયનું કામ એક જ છે બીજાને સુગંધ આપવી. આપણું જીવન સુગંધિત બનાવવું.

## એક દીકરી...!

કાલ હતી એજ આજ છું,
જ્યાં હતી કદાચ ત્યાંજ છું..
માતાપિતાની લાડકવાયી,
કાળજાનો કટકો, છતાંય 'પરાઈ'
ક્યારેક પરી તો ક્યારેક ઢીંગલી,
પુનમની ચાંદની એવી એક દીકરી...
પણ, વહેંચાઈ બરફી, પેંડા નહીં,
હરખ કરવા પણ કોઈ ના આવ્યું.
શિખવાડ્યા શિસ્તના પાઠ,
વ્યક્ત કરવાના નહીં મનોભાવ
ચૂપચાપ બધું સહેવાનું,
સાસરિયામાં સમાઈ જવાનું
સાચે જ, દીકરો જો હોય કોહિનૂર હીરો
તો સાચા મોતી છે દીકરી
દીકરો ભલે પરણીને લાવે વહુ
પણ એ હોય તો કોઈકની એક દીકરી...
સંબંધોના સરવાળાને સાચવતા આવડે જેને
એવા બન્ને કુળને અજવાળતી એક દીકરી...
પણ હવે જમાનો બદલાઈ ગયો છે,
ભણીગણીને પગ ઉપર ઊભા રહેતાં,
વિવિધ ક્ષેત્રમાં આગળ વધતાં
દરેક મુશ્કેલી કે મુસીબતનો
હિંમતથી સામનો કરતા, વિપરિત સંજોગોમાં પણ
સંતોષ અને સમાધાન ષોધતા,
માન અને સ્વાભિમાનથી જીવતા
મને પણ આવડે છે... મને પણ આવડે છે
કારણ કે, હું આજના જમાનાની દીકરી છું.

**શ્રી દિપકભાઈ ગુણવંતલાલ શાહ**

## સંસ્થા સમાચાર

**શ્રી પાટણ જૈન સંઘ – પ્રબોધકુમાર પુનમચંદ ગ્રુપ**

તા. ૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ૭૦ યાત્રિકો સાથે શંખેશ્વર જવા રવાના થયા હતા. ત્યાં પહોંચીને શંખેશ્વર પેઢીના સન્માનનીય ટ્રસ્ટી શ્રીમાન શ્રેણિકભાઈને રૂબરૂમાં મળવા ગયા હતા. તેઓએ પાટણ જૈન સંઘ માટે અત્યંત લાગણીસભર શબ્દોમાં સંઘને બિરદાવ્યો હતો. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે; "શંખેશ્વર તીર્થમાં કોઈની પણ કાયમી આંગી લખાતી નથી, પરંતુ વર્ષો પહેલાં પાટણ જૈન સંઘ દ્વારા ત્યાં ઉત્કૃષ્ટ કામ થયું હતું અને રાધનપુર જૈન સંઘે પણ ઉત્તમ કામ કર્યું હતું તેથી આ બે જ સંઘોને કાયમી આંગીની તિથી આપવામાં આવી હતી. તે મજુબ પાટણ જૈન સંઘને ચૈત્ર સુદ પુનમનો દિવસ મળ્યો હતો આ વર્ષે હમણા ચૈત્ર સુદ પુનમના રોજ પાટણ જૈન સંઘ તરફથી કાયમી રૂા. ૫૧,૦૦૦/-ની ભવ્ય આંગી કરવામાં આવી હતી તેવી જ રીતે ૧૦૮ ભક્તિ પાર્શ્વનાથ જિનાલય ખાતે પણ કાયમી ધોરણ મુજબ આંગી કરવામાં આવી હતી.

શ્રી પાટણ જૈન સંઘના થોડાક યાત્રિકોને પાટણના ભવ્ય વારસાની જાણકારી નહોતી. ચૈત્ર માસની શાશ્વતી ઓળી પાટણ ખાતે થાય છે તેના પારણાના દિવસે નગરશેઠને આસન પર બેસાડી તેમની સંમતિથી શરૂ થાય છે. આ વખતે સન્માનીય નગરશેઠ વિપુલભાઈ આ પ્રસંગે ખાસ પાટણ પધાર્યા હતા. તેમનો ખૂબ ખૂબ આભાર..

સ્વ. વડીલ શ્રી નેમચંદભાઈ મણિલાલ શાહ (કનાસાનો પાડો) તેઓએ ૪૭ વર્ષ સુધી શ્રી પાટણ જૈન સંઘનું સુકાન કુનેહપૂર્વક સંભાળ્યું હતું. વર્તમાનમાં તેમના જ્યેષ્ઠ પુત્ર પુનમચંદ શાહે પણ નિઃસ્વાર્થભાવે આ સંઘની સારસંભાળ રાખી હતી. હવે નવી કારોબારી સમિતિની રચના કરી શ્રી પાટણ જૈન સંઘના સભ્યોને માર્ગદર્શન આપી રહ્યા છે તે માટે તેમનો ખુબ ખુબ આભાર માનવામાં આવ્યો હતો.

## અભિનંદન



**શ્રી બિરેનભાઈ કિશોરભાઈ શાહ** (કટકીયા વાડો) પુના.
જૈન સોશિયલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશનના પ્રમુખ પદે (વર્ષ ૨૦૨૫-૨૭)માટે તેમની નિમણૂંક કરવામાં આવી છે. ૬૦ હજાર દંપત્તિ સભ્યો ધરાવતી આ એક માત્ર સંસ્થા દેશ-વિદેશમાં નામ રોશન કરી રહી છે. ખૂબ ખૂબ અભિનંદન.

************



**શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ (માટલીવાલા)** (કનાસાનો પાડો)
જૈન સોશિયલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશનના મુખપત્ર મંગલયાત્રાના તંત્રી પદે (વર્ષ ૨૦૨૫-૨૭)માટે તેમની નિમણૂંક કરવામાં આવી છે. ખૂબ ખૂબ અભિનંદન.

# શાશ્વત શત્રુંજયના - શાહી સુણતરમાં શાનદાર ઉપધાન સમારોહ



શાશ્વત શત્રુંજયતીર્થના શાહી સુણતરભવનમાં **શા. શરદભાઈ સેવંતીલાલ અંબાલાલ શાહ પરિવાર આયોજિત ઉપધાનતપ** માત્ર જિનશાસન કે સંઘ જ નહીં પરંતુ સમસ્ત પાટણ સમાજની શાન અને સન્માનને ચાર ચાંદ લગાડનારો બન્યો.

નિર્મળસાધના અને સબળલબ્ધીના સ્વામી **પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીસંસ્કાર યશસૂરિશ્વરજી મહારાજાની શુભનિશ્રામાં** આયોજિત ભવ્યતમ ઉપધાનતપની આરાધનાની સૌથી મોટી વિશિષ્ટતા એ હતી કે, આયોજક પરિવારના પુણ્યવંત **શ્રીમતી કામિનીબેન શરદભાઈએ** સ્વયં આ ઉપધાન તપમાં મોક્ષમાળા પહેરી હતી અને આત્મકલ્યાણ સાધ્યું હતું.

ઉપધાનના વિરાટકાય ઝળહળતા પરિસરને જોતાની સાથે સૌ લોકો ભાવ વિભોર બની ગયા હતા. દેશ વિદેશથી પધારેલા અનેક ઉપધાન તપના આરાધકોએ ઉપધાન તપ આયોજક પરિવારની તથા ઉપધાન તપની ઉત્તમ આરાધનાની ખૂબ ખૂબ અનુમોદના કરી હતી.

પૂજ્યપાદ ગુરુદેવ શ્રીલબ્ધિ-વિક્રમ-પદ્મયશ સૂરીશ્વર પ્રભાવક પટ્ટાલંકાર પ્રખરવિદ્વાન **આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય અજિતયશ સૂરીશ્વરજી મહારાજાના સાંનિધ્યમાં** ઉપધાન તપ કરવા એ પ્રચંડ સૌભાગ્ય છે. ગુરુદેવશ્રીના પ્રભાવક પ્રવચનોએ, આચારયુક્ત વાતાવરણમાં, પરમાત્મા ભક્તિના સવાર સાંજ થતાં ભવ્ય શંખનાદે આખું પરિસર ગાજી ઉઠ્યુ હતું. દાનવીર પુણ્યવંત પાટણ નિવાસી **શ્રેષ્ઠિવર્ય કામિનીબેન શરદભાઈ શાહ પરિવારની** મહાન ઉદારતાએ અપાર લક્ષ્મીના સદવ્યયે સમગ્ર પરિસર ઉપધાન તપના પ્રભાવથી શોભી રહ્યું હતું.

માળારોપણના પ્રસંગે તપસ્વીઓના પરિવારો તેમજ પાટણના અનેક શ્રેષ્ઠિવર્યોનું આગમન પણ થયું હતું. સૌના મુખેથી અનુમોદના તો થતી જ હતી. પરંતુ ઉપધાન સન્માન સમારંભ દરમ્યાન સૌ ઉપસ્થિતજનોએ જૈનમ જયતી શાસનમ્ અને તપસ્વી અમર રહોના નાદથી સૌ તપસ્વીઓને વધાવ્યા હતા અને સુખશાતાની પૃચ્છા કરી હતી.

## અભિનંદન



**શ્રી હિતેશભાઈ જશવંતભાઈ શાહ** (ભાભાનો પાડો) સુરુ કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ પ્રા.લિ. ના ડિરેક્ટર સોમવારે સાતમી એપ્રિલ, ૨૦૨૫ના રોજ મુંબઈના બીકેસીમાંની હોટેલ સોફિટેલના ઈન્સ્ટોલેશન ઈવેન્ટમાં પ્રતિષ્ઠિત બોમ્બે ઈન્ડસ્ટ્રીસ એસોસિએશન (બીઆઈએ)ના પ્રમુખ તરીકેનું પદ સંભાળ્યું હતું.

જશવંતભાઈ અને સુરેખાબેન શાહને ત્યાં મુંબઈમાં ૨૫મી એપ્રિલ, ૧૯૬૯ના રોજ જન્મેલા હિતેશભાઈ શાહ ત્રણ ભાઈઓમાં બીજા છે. તેમની કંપની સુરુ કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ પ્રા.લિ.ની સ્થાપના ૧૯૭૫માં થઈ હતી. ગુજરાતી વેપારી પરિવારોમાં જે રીતે થતું હોય તેમ ઉંમરના ૧૭માં વર્ષથી તેઓ કામે જોડાઈ ગયા. ૨૦૦૪માં મુંબઈની કેમિકલ મેન્યુફેક્ચરિંગ કંપનીનો બિઝનેસ તારાપુર એમઆઈડીસીમાં નવી ફેક્ટરીના રૂપમાં વિસ્તારિત કર્યો. તેમના નેતૃત્વમાં કંપનીનો વિસ્તાર ભારતીય ઉપમહાદ્વિપ, પૂર્વ યુરોપ, પૂર્વ એશિયા, મધ્ય અમેરિકા, મધ્ય-પૂર્વ અને દક્ષિણપૂર્વ એશિયાના દેશોમાં થયો.

સુરુ કેમિકલ્સમાં સેવા આપવાની સાથે હિતેશ શાહ બોમ્બે ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન (બીઆઈએ)ના વાઈસ પ્રેસિડન્ટ છે. બીઆઈએ ૭૫ કરતા વર્ષ જૂનુ એસોસિયેશન છે અને મુખ્યત્વે ઈન્સ્ટ્રીઝ અને સર્વિસીસના એમએસએમઈ ક્ષેત્ર સહિત તે ૧૫૦૦ કરતા વધુ સભ્યો ધરાવે છે. આ એસોશિયેશન મુંબઈના વ્યાપક ઔદ્યોગિક સમુદાયમાં યોગદાન આપે છે. બીઆઈએ સિવાય હિતેશભાઈ શાહ શ્રી પાટણ જૈન મંડળમાં એડમિનિસ્ટ્રેશન સેક્રેટરી છે તેમને તાજેતરમાં ફેડરેશન ઓફ એસોસિયેશન ઈન મહારાષ્ટ્ર (એફએએમ)માં એક્ઝિક્યુટિવ કમિટીના સભ્ય ટ્રેડ કમિટીના કન્વીનર તરીકે સામેલ કરવામાં આવ્યા હતા.



**તેમના પદગ્રહણ વિધિના સમારંભમાં શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ વિ. શાહ તથા અન્ય હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. અને સહુએ સાથે મળીને શ્રી હિતેશભાઈને ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપી હતી.**

## અભિનંદન



મણિયાતી પાડાના સ્વ. હરનીશચંદ્ર કેશરીચંદ શાહના પુત્રવધુ **શ્રીમતી સોનાલી ભદ્રેશ શાહ (બી.કોમ)** હાલમાં **M.A. with Literature SNDT, Churchgate** ના અભ્યાસ દરમ્યાન **આંતરરાષ્ટ્રીય માતૃભાષા ગૌરવ દિન નિમિત્તે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ૩૧૫ પ્રતિસ્પર્ધી વચ્ચે પ્રથમ સ્થાન મેળવ્યુ છે.** ઘર ગૃહસ્થી, grown up daughter, ઘર મંદિર, ૫૦ વર્ષની ઉંમરે Keen Ness to study and going to college!!

With immense pride and joy in my heart, I want to share a special moment from my life…

My son, **Dr. Dipen Shah,** (Vasupujyani Sheri)has launched his book – **"THE FOURTH FALL"** As a mother, I've seen his journey closely - the struggles, the sleepless nights, the quiet strength, and the deep desire to help others through his words and work. This book is not just pages filled with words, it's filled with his heart, his wisdom, and his hope for the world.



**The Fourth Fall** is for anyone who has faced challenges, felt broken, or needed a reminder that they are not alone. I believe this book will touch many lives and bring healing to many hearts.

Please do give it a read, support his efforts, and share it with those who need a little light in their lives.

Available now on Amazon https://amzn.in/d/9F2YBU2

Blessings to everyone who's a part of this journey.

With love, **Mrs. Alpa Shah**

Congratulations to **Yuvansh Nikhil Shah** (Kumbharia Pado), son of **Nikhil Mahendra Shah and Dipti Nikhil Shah,** grandson of **Sadhanaben and Mahendrabhai Popatlal Shah,** Walkeshwar, Mumbai.



A9th-grade student and his team have placed *India on the **global robotics map.*** His team, ***Team Matrix*** emerged as the Overall World Champion at the ***FIRST Tech Challenge (FTC) Robotics World Championships 2025*,** held in Houston, Texas, USA. This is the first time a team of India has become World Champions. Each team at the championship comprised 15 highly skilled students.

Competing against 253 elite teams from over 30 countries, Team Matrix triumphed in the final round to be crowned the top-ranked team globally, chosen from among 15,000+ teams.

Their path to global victory began in **February 2025, with a decisive win at the FIRST Tech Challenge India National Championship in Pune.** Team Matrix's consistent excellence in innovation, strategy, and teamwork also earned them 2nd place in the prestigious Think Award, which recognises outstanding engineering design and problem-solving.

This incredible achievement by Yuvansh and his team is a proud moment for our Patan community, for India, and for the growing force of young talent in STEM.

## તા. ૨૩ એપ્રિલનો દિવસ વર્લ્ડ બુક એન્ડ કોપીરાઈટ ડે છે

**લોકમાન્ય તિલક –** એક ખૂબ જ પોપ્યુલર વિધાન છે તેઓ કહે છે કે, ''હું નરકમાં પણ એક સારા પુસ્તકનું સ્વાગત કરીશ, કારણકે પુસ્તકમાં એ તાકાત છે કે નરકને પણ સ્વર્ગ બનાવી શકે છે.''

**મહાત્મા ગાંધી –** પુસ્તક વિનાનું ઘર આત્મા વિનાના શરીર સમાન છે. આપણે જેટલો વાંચનનો શોખ કેળવીએ એટલું કાંઈક નવું શીખીએ. જીવનના ઘડતરમાં દરેક પુસ્તકની પોતાની ભૂમિકા હોય છે. એવું તો ક્યારેય બનેજ નહીં કે હું પુસ્તકમાંથી કાંઇ ન શીખ્યો.



અજવાળા પાથરતાં પુસ્તક, દૂર કરે અંધારા પુસ્તક.
રોજ નવા રસ્તા દેખાડે, ભાવિને શણગારે પુસ્તક.
નવી નવી વાતો લઈ આવે, જ્ઞાન-ધ્યાન વધારે પુસ્તક.
સપનાની દુનિયામાં લઈ જઈ, ભાવિના દ્વાર ઉઘાડે પુસ્તક.
એકલતામાં સાથ નિભાવે, મિત્ર ખરેખર સાચો પુસ્તક
સીમાથી પર એની દુનિયા, હર કોઈને સમાવે પુસ્તક.
જ્ઞાન કેરું છે આ ઝરણું પુસ્તક, જ્ઞાન-તરસ છીપાવે પુસ્તક.
વાંચતા ''મંત્રમુગ્ધ'' થવાય પુસ્તક, હર કોઈ હોંશે હોંશે વાંચે પુસ્તક.

'જે વિવેકથી વર્તે છે તેના ગુણથી મોહિત થયેલી સંપત્તિ પોતાની મેળે જ તેને વરમાળા આરોપે છે.'

શું પુસ્તકો વગર આ દુનિયા ન ચાલી શકે ?
ચાલી શકે ને, પણ એમ તો માણસ વગર આ દુનિયા વધુ સારી રીતે ચાલી શકે ?
– સાહિત્ય માટે નોબેલ પુરસ્કારથી સન્માનિત ફ્રાંસના ફિલોસોફર નાટ્યકાર જીન પોલ સાત્ર

### I absolutely LOVE this quote from Pope Francis!



*"Rivers do not drink their own water; trees do not eat their own fruit; the sun does not shine on itself and flowers do not spread their fragrance for themselves. Living for others is a rule of nature. We are all born to help each other. No matter how difficult it is Life is good when you are happy; but much better when others are happy because of you."* **POPE FRANCIS**
1936-2025

### નોકરી જોઈએ છે

આપણા પાટણ પરિવારોમાં જેઓને પોતાની એફિસમાં, ફેક્ટરીમાં અથવા દુકાનમાં કામ કરવા માટે જરૂરિયાતમંદ આપણા જૈન ભાઈ/બહેનોને નોકરી પર રાખવાની ઈચ્છા ધરાવતા હોય તો તેઓ પોતાની જાહેર ખબર 'પ્રતિબિંબ'માં આપી શકે છે જેનો કોઈપણ ચાર્જ લેવામાં આવશે નહીં.




PATOLA
BY NIRMAL SALVI
Original GI 232 Certified Patan Patola Sarees, Dupattas, Lehengas, Single Ikat Patola, Semi Patan Patola, Accessories, Menswear & Bandhani.
Ahmedabad
A-104, Stellar, 1st Floor
Sindhu Bhavan Road,
Bodakdev, Ahmedabad - 380054
+91 9700749000/ 9879128888
Delhi
D-9, Block-D, Defence Colony,
Delhi - 110024
+91 9824884884
Mumbai
Shop no 1 B, GF,
72-Bhulabhai Desai Road,
Near Breach Candy Hospital,
Mumbai - 400026
+91 9819928299
patola_bynirmalsalvi
ADVT



sheetal PATOLA
Sunil Salvi
PATAN
Motisha Darwaja, Saibaba Mandir Road, Patan. (N.G) Gujarat - 384265
+91 98259 86863
+91 98243 30799
AHMEDABAD
109, Stellar, Sindhu Bhavan Road, Bodakdev, Ahmedabad, Gujarat - 380054
+91 98246 48623
+91 97370 48800
sheetalpatolabysunilsalvi
ADVT
DOUBLE IKAT PATAN PATOLA SAREES & DUPATTAS | SEMI IKAT PATOLA
SINGLE IKAT PATOLA | ACCESSORIES | MENSWEAR | LEHENGA & BANDHANI

# વેદના - સંવેદના પુસ્તકોની

**'અક્ષર'** એટલે આભુષણ અને એવા ચાર પાંચ અક્ષરો ભેગા થાય ત્યારે એક **'શબ્દ'** બને. આ **'શબ્દ'** એટલે આભુષણનો શણગાર. આવા એક એક શબ્દનો સમુહ થાય ત્યારે એક **'વાક્ય'** રચાય. આવા ઘણાં વાક્યો ભેગા થાય ત્યારે એક **'ફકરો'** બને. આવા તો કેટલાય ફકરાઓ એક સ્થાને મૂકાય ત્યારે એક લઘુકથા, નવલિકા, નિબંધ કે લેખનું નિર્માણ શક્ય બને.

આ નિબંધ કે લેખ એટલે આપણાં મનમાં ઉદભવતા વિચારોનું મનોમંથન. આપણે અનુભવેલી ક્ષણોનો શબ્દ દેહ. જેના મારફતે આપણો અન્યો સમક્ષ રજુ થવાનો એક નાનકડું સાહસ. હા, હું 'સાહસ' જ કહીશ. આવી જ રીતે આપણે મનની કલ્પના અનુસારના શબ્દો ક્રમબદ્ધ મૂકી એકાદ લઘુકથા કે નવલિકા સર્જન પણ કરી શકાય. આનાથી આગળ વધી નવલકથા લખવા પણ સક્ષમ બનીએ. તો બીજી તરફ ઓછા અક્ષરો કે ઓછા શબ્દોનાં સથવારે આપણે એકાદ નાની કવિતા પણ લખવામાં સફળ બની શકીએ છીએ. આ એક દશ- પંદરેક લીટીની કવિતાનુ સર્જન એટલે લેખ, નિબંધ કે નવલિકા સર્જન કરતાં વધુ દુષ્કર કાર્ય. ત્યાં આપણને કોઈ શબ્દો કે ફકરાઓની સીમા નડતી નથી, જ્યારે કવિતામાં તેનો હાર્દ ગણતરીના શબ્દોમાં સમાવેશ કરવાનો હોય છે.

ઉપરોક્ત પૂર્વ ભૂમિકા ભજવવાની આવશ્યક રહેશે કારણ ઉપર જણાવ્યા મુજબ કેટલાંય નિબંધ કે નવલિકાઓ બનીને તૈયાર હોય તે દરેક રચનાઓનો સંગ્રહ બનાવી એક દળદાર 'પુસ્તક' બનતું હોય. અને ત્યારે ચોક્કસ પુસ્તકોનાં મુખે હાસ્ય તરવરતુ હશે.

દરેક સર્જકની મનની ગણતરી મુજબ આ પુસ્તક માત્ર કવિતાઓનો હોય, લેખ કે નિબંધોનો હોય કે પછી લઘુકથા કે નવલિકાઓનો હોય અથવા તો એક નવલકથાનો હોય, પણ તેનાં સર્જન માટે સર્જકે કેટલોય શ્રમ, સમય અને શક્તિનો ભોગ આપવો પડે છે. સર્જક માટે આ પુસ્તક સદા સ્મરણીય સંવેદનાઓથી સભર એક સ્મૃતિ ચિન્હ જ હોય છે.

આવા પુસ્તકો સમાજના ઘરોઘર પહોંચાડવા નાના પાયે વિમોચન સમારંભ યોજવા પડે છે, તો ક્યાંક પોતાના સમાજમાંથી પ્રકાશિત થતાં સામાયિકોના માધ્યમે સમાચાર તરીકે મૂકીને, તો વળી કોઈક સર્જક પોતાના ગ્રુપના માધ્યમથી સમાચાર વહેતા મૂકી ઘરોઘર પહોંચવા પ્રયત્નશીલ રહે છે. તો વળી ક્યાંક પોતાના સમાજનાં સ્નેહ મિલન સમારોહ પ્રસંગે ઉપસ્થિત હોદેદારોના વરદ્ હસ્તે લોકાર્પણ, તો વળી પોતાના મિત્ર વર્તુળમાં, સગાં સંબંધીઓને કે રહેઠાણ વિસ્તારમાં આસપાસ રહેતા પરિવારોને શુભેચ્છાના પ્રતિક રૂપે પુસ્તક આપી પ્રચાર કરતા રહે છે. અને આમ સતત એક હાથે થી બીજા હાથે ફરતા પુસ્તકો આપસમાં હાસ્ય વેરી ધન્યતા અનુભવે છે.

બહુ જુજ સર્જકો જ એવાં હોય તે પ્રકાશક તરીકેનાં હક્ક કોઈ વિક્રેતાને આપે છે. જેના આધારે તેને બે પૈસાની આવક પણ થાય સાથોસાથ બહું નામાંકિત કે નવોદિત લેખક સાહિત્યકારોના પ્રસિદ્ધ થયેલા પુસ્તકોની દુકાનમાં તેમના પુસ્તકો સાહિત્ય રસિકો માટે લે વેચ માટે ઉપલબ્ધ હોય છે . તો ક્યાંક હજું પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા પ્રયત્નશીલ એવા નાના મોટા ગ્રંથાલયમાં સ્થાન મેળવે છે.

હવે આવીએ મુખ્ય વાત ઉપર તો અગાઉ અને વર્તમાન સમયમાં પણ અનેકવિધ વિષય વૈવિધ્ય સભર અનેક પુસ્તકો પ્રકાશિત થતાં રહ્યાં છે છતાં વાંચકોની વધતી જતી ઉદાસીનતાનાં કારણો તો મારી નજરે એકથી અધિક હોઈ શકે.

* સહું પ્રથમ આવે 'મોબાઈલ વળગણ' જેમાં રાત દિવસ વ્યસ્ત માણસો પાસે મોબાઈલ સિવાય કોઈ દુનિયા જ નથી તે વળી પુસ્તક વાંચન માટે સમય ક્યાંથી ફાળવશે !
* સતત દોડતી આ દુનિયામાં પોતાના સ્વજનો સાથે બેસીને વાતો કરવાનો સમય નથી તે પુસ્તક વાંચન માટે સમય ક્યાંથી ફાળવશે !
* અર્થોપાર્જન કરવામાં ગળાડૂબ માણસ વધું નાણાં મેળવવાની હોડમાં જ રચ્યોપચ્યો છે ત્યારે પુસ્તક વાંચન માટે સમય ક્યાંથી ફાળવશે !
* મીડિયાનું વળગણ એટલી હદે વધી ગયું છે કે બ્રેકિંગ ન્યૂઝ સાંભળવા માટે સમય વેડફતા માણસને ન્યુઝ સિવાય બીજું પણ કંઈ છે તે સમજાવવું દુષ્કર છે ત્યારે તે પુસ્તક વાંચન માટે સમય ક્યાંથી ફાળવશે !
* સાસુ વહુની સતત પ્રસારિત ટેલિવિઝનની ધારાવાહિકો નિહાળવામાં વ્યસ્ત માણસો પાસે બીજી કોઈ ચર્ચા કાને પડતી જ નથી. કાલે શું થશે આગળ તેનાં વિચારોમાંથી મુક્તિ મેળવી ના શક્તી આજની નારી પુસ્તક વાંચન માટે તો કયારે વિચારશે !
* પુસ્તક વિક્રેતાઓ માટે દુકાન માત્ર સાઈડ આવકનું સાધન છે. બીજા પરિબળો મારફતે તેની આવક સ્વયં વધતી જાય છે ત્યારે તેની દુકાનના પુસ્તકો વેંચાણ માટે કોઈ સારી જાહેરાત કે અન્ય પ્રયત્ન કરવાનો વિચાર પણ મનમાં ન લાવી શકનારા વિક્રેતાઓ પુસ્તક માટે આમ જનતાને કેવી રીતે આકર્ષિત કરી શકે !
* આજના ડિજિટલ યુગમાં તો યુ-ટ્યુબ - ફેસબુક પર મુકાઈ જતાં પુસ્તકો વાચકો પોતાની ફુરસદે વિનામૂલ્યે વાંચી લેતા હોય છે તો વળી દુકાને જઈને રુપિયા આપીને ખરીદી કોણ કરે !
* સતત બદલાતા અભ્યાસક્રમો અને ઉચ્ચ ગુણાંક મેળવી કારકિર્દી ઘડતર માટે શાળા અને કોલેજોના અભ્યાસ ઉપરાંત ખાનગી ટ્યુશનમાં વ્યસ્ત રહેતા વિદ્યાર્થીઓને તો પુસ્તક વાંચન માટે સલાહ આપવી પણ નિરર્થક રહે !
* આ બધાની બાદબાકી કરીએ તો શેષ રહે નિવૃત્ત અને વૃદ્ધજનો. જેમાંથી વાંચનનો શોખ કેટલાંને ? અને જેને શોખ હોય તેમણે તો દુકાનમાં રહેલા પુસ્તકો યેનકેન પ્રકારેણ અગાઉ વાંચી જ લીધા હોય... !

આમ સરવાળે આપણી નિષ્ક્રિયતા જ આમાં મહત્વનો ભાગ ભજવે છે ત્યારે **હું ચોક્કસ માનું છું કે પુસ્તકો ખરેખર અંદરથી આક્રંદ કરતાં કરતાં ધ્રુસકે રડી રહ્યા હશે જ !** આ વ્યવસ્થામાં હવે જો ઘરમૂળથી ફેરફાર નહીં કરાય તો આ ઉદાસીનતા ક્યાંક સાહિત્ય લેખન અને વાંચન ઉપર કાયમી પૂર્ણ વિરામ મુકવાની દિશા તરફ વધતું રહેશે... !!

❒ **જ્ઞાનેશ જયચંદ લાપસીયા**

# સાભાર સ્વીકાર

**લોનાવાલા હોલી ડે હોમ પ્રોજેક્ટ ભેટ :**

૨૫,૦૦,૦૦૦/- શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

૧૫,૦૦,૦૦૦/- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી)

૧૧,૦૦,૦૦૦/- શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો) (ગતાંકમાં સુધારીને વાંચવુ)

૫,૦૦,૦૦૦/- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)

**સૌરભ મેડિકલ હેલ્થકેર ભેટઃ**

૨૫,૦૦,૦૦૦/- શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ તથા શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ પરિવાર (અબજી મહેતાનો પાડો)

૫,૦૦,૦૦૦/- શ્રીમતી શીલાબેન દિપકભાઈ પટણી (મનમોહનજીની શેરી)

૩,૪૫,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)

**નૂતન પ્રાયમરી શાળા ભેટ :**

૧૫,૦૦,૦૦૦/- ઓ.એન.જી.સી. પ્રા.લી., મહેસાણા

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૧૧,૦૦,૦૦૦/- સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

**મેડિકલ / શિક્ષણ સહાય કોરપસ ફંડ :**

૧૦,૦૦,૦૦૦/- શ્રી ધીરજલાલ પોપટલાલ શાહના સ્મરણાર્થે હ. શ્રીમતી નિર્મળાબેન ધીરજલાલ શાહના શ્રીમતી નિર્મળાબેનના વસિયતમાં લખ્યા મુજબ આપેલ દાન (શામળાજીની શેરી)

**મેડિકલ સહાય ભેટ :**

૫,૦૦,૦૦૦/- સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

૫૧,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ કાંતિલાલ શાહ (ભાભાનો પાડો)

**અનાજ વિતરણ ભેટ :**

૨,૦૦,૦૦૦/- શ્રી હિતેનભાઈ પ્રવિણભાઈ ઝવેરી (કુંભારીયા પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી દેવીન્દ્રાબેન ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી કામીનીબેન શરદભાઈ સેવંતીલાલ શાહ (ચીતારાની ખડકી)

૨,૦૦,૦૦૦/- શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી કેતકીબેન દોશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી મંજુલાબેન દિલિપભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી રચનાબેન વિક્રમભાઈ નગરશેઠ (મણિયાતી પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ શાહ (ડંકમહેતાનો પાડો)

૨,૦૦,૦૦૦/- સ્વ. શ્રીમતી કુસુમબેન કાંતિલાલ નાનકચંદ તેલિયાવાળા (મનમોહનજીની શેરી)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૫,૫૦,૦૦૦/- શ્રી શરદભાઈ સેવંતીલાલ શાહ (ચીતારાની ખડકી)

**મેડિકલ / દિવ્યાંગ ઉત્કર્ષ સહાય ભેટ :**

૨૦,૦૦૦/- શ્રીમતી પ્રતિભાબેન તથા શ્રી અશોકભાઈ કેશવલાલ સોનાવાલા (ચોધરીની શેરી)

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા ઓસવાલ | ખેતરપાળનોપાડો | મંજુલાબેન હિંમતલાલ શાહ | ૯૫ | કાંદિવલી | ૨૩-૦૩-૨૫ | ફાગણ વદ ૦૩ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | મયંકભાઈ શશિકાંત ઝવેરી | ૬૩ | ગીરગામ | ૨૩-૦૩-૨૫ | ફાગણ વદ ૦૩ |
| વિશા શ્રીમાળી | વાસુ પૂજ્યની શેરી | દેવલ દિલીપભાઈ શાહ | ૪૭ | માટુંગા | ૨૫-૦૩-૨૫ | ફાગણ વદ ૧૧ |
| વિશા શ્રીમાળી | તંબોલી વાડો | હિતેશભાઈ રમણલાલ શાહ | ૬૯ | મુંબઈ | ૦૧-૦૪-૨૫ | ચૈત્ર સુદ ૦૪ |
| દશા શ્રીમાળી | ખેજડાનો પાડો | પ્રફુલભાઈ હીરાલાલ ઝવેરી | ૮૦ | સાંતાક્રુઝ | ૦૫-૦૪-૨૫ | ચૈત્ર સુદ ૦૮ |
| વિશા શ્રીમાળી | કુંભારીયા પાડો | જ્યોત્સનાબેન પ્રમોદચંદ્ર મશરુવાલા | ૮૧ | વસઈ | ૧૧-૦૪-૨૫ | ચૈત્ર સુદ ૧૪ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | જિતેન્દ્રભાઈ કાંતિલાલ શાહ | ૮૩ | અમદાવાદ | ૧૩-૦૪-૨૫ | ચૈત્ર વદ ૦૧ |
| વિશા પોરવાલ | કટકીયા વાડો | જયલતાબેન રમેશચંદ્ર શાહ | ૯૦ | નાનાચોક | ૧૬-૦૪-૨૫ | ચૈત્ર વદ ૦૩ |
| વિશા શ્રીમાળી | ચોધરીની શેરી | ભુપેન્દ્રભાઈ મફતલાલ શાહ | ૮૦ | વિલેપાર્લા | ૧૭-૦૪-૨૫ | ચૈત્ર વદ ૦૪ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | કલ્પનાબેન કમલેશભાઈ શાહ | ૭૩ | ગોરેગામ | ૧૮-૦૪-૨૫ | ચૈત્ર વદ ૦૫ |
| વિશા શ્રીમાળી | ઝવેરીવાડો | અર્પિતાબેન પરાગભાઈ ઝવેરી | ૬૧ | કેમ્સકોર્નર | ૨૨-૦૪-૨૫ | ચૈત્ર વદ ૦૯ |
| દશા ઓસવાલ | ખડાખોટડીનો પાડો | સ્મિતાબેન વિજયભાઈ ઝવેરી | ૭૦ | ચોપાટી | ૨૩-૦૪-૨૫ | ચૈત્ર વદ ૧૦ |

* ચક્ષુદાન કરેલ છે ✸ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# સાભાર સ્વીકાર

**દિવ્યાંગ ઉત્કર્ષ સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/-શ્રીમતી મીનાબેન જનકભાઈ પરીખ
સ્વ . શ્રી જનકભાઈ ચીમનલાલ પરીખની સ્મૃતિમાં
હ. શ્રી નીરવભાઈ તથા શ્રી ધૈરવભાઈ
જનકભાઈ પરીખ (વસાવાડો)

૧,૦૦,૦૦૦/- શ્રીમતી પલ્લવીબેન અમીતભાઈ ચંદ્રકાંત શાહ (પોળની શેરી)

૨૫,૦૦૦/- એક શુભેચ્છક

૫,૦૦૦/- શ્રીમતી પ્રભાબેન લોઢા

**શિક્ષણ સહાય ભેટ :**

૨,૫૧,૦૦૦/- શ્રીમતી દેવિન્દ્રાબેન ચંદ્રકાંભાઈ શાહ
હ. શ્રી ચંદ્રકાંતભાઈ લહેરચંદ શાહ (ઝવેરી વાડો)

૧,૨૫,૦૦૦/- શ્રીમતી મીનાબેન જનકભાઈ પરીખ
સ્વ . શ્રી જનકભાઈ ચીમનલાલ પરીખની સ્મૃતિમાં
હ. શ્રી નીરવભાઈ તથા શ્રી ધૈરવભાઈ
જનકભાઈ પરીખ (વસાવાડો)

૫,૦૦૦/- શ્રી જશ નિમેશભાઈ સાલવી (સાલવી વાડો)

**જીવન નિર્વાહ ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રીમતી મીનાબેન જનકભાઈ પરીખ
સ્વ . શ્રી જનકભાઈ ચીમનલાલ પરીખની સ્મૃતિમાં
હ. શ્રી નીરવભાઈ તથા શ્રી ધૈરવભાઈ
જનકભાઈ પરીખ (વસાવાડો)

**વૃદ્ધજન સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રીમતી મીનાબેન જનકભાઈ પરીખ
સ્વ . શ્રી જનકભાઈ ચીમનલાલ પરીખની સ્મૃતિમાં
હ. શ્રી નીરવભાઈ તથા શ્રી ધૈરવભાઈ
જનકભાઈ પરીખ (વસાવાડો)


## બંગલો અને પ્લોટ વેચવાનો છે

**જૈન પરિવારનો બે માળ વાળો 3 BHK પાટણમાં ખૂબ મોકાનો ૪૦૦ વારના પ્લોટમાં ૩૦૦ વાર લેટેસ્ટ નવા બાંધકામ, ચાર એસી, સોલર વોટર, હીટર એવં સોલર ઈલેક્ટ્રિસિટી સહિતનો ફુલ્લી ફર્નિશ બંગલો તેમજ બંગલાની બાજુમાં ૨૭૦ વારનો પ્લોટ વેચવાનો છે.**

**સ્થળ: આશિષ સોસાયટી બહાર, રાજમહેલ રોડ ઉપર, ચિલ્ડ્રન પાર્ક સ્કૂલની સામે, પાટણ.**



ADVT

**સંપર્ક : 9825535181 / 9824852185**


# શ્રદ્ધાંજલિ



**શ્રી ભુપેન્દ્રભાઈ મફતલાલ શાહ**

૧૯૭૯થી ૩૪ વર્ષની નાની ઉંમરમાં શ્રી પાટણ જૈન મંડળના ટ્રેઝરર તરીકે છ વર્ષ રહેવા સાથે કુલ ૪૬ વર્ષ સુધી મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્ય પદે રહ્યા હતા.

પાટણ કો.ઓપ બેક ચાલું કરવામાં અગત્યો ફાળો હતો તથા બેન્કના ડાયેરક્ટર હતા.

પાટણ પ્રતિબિંબ તથા રતનનગર બિલ્ડીંગ બનાવવામાં અગત્યો ફાળો આપ્યો હતો.

પાટણ પાંજરાપોળની કિંમતી જગ્યા પાછી મેળવવામાં અગત્યો ફાળો આપ્યો હતો.

પાટણમાં કુતરા વિગેરે અબોલ જીવો એક પણ દિવસ ભુખ્યા -તરસ્યા ન રહે તે ભાવનાથી રોજની ૧૨૦૦ રોટલી દૂધ સાથે દરેકને પહોંચે તેની વ્યવસ્થા ચાલું કરાવી.

૨૦૨૪માં પાટણના દેરાસર તથા પ્રતિમાના શુદ્ધિકરણની પરમીશન લઈને ચાલુ કરવામાં આગત્યો ફાળો હતો.

નરકના દરવાજા બંધકરો, ઘરને કતલખાનું બનતું અટકાવો, રાત્રી ભોજન મહાપાપની બે લાખ ચોપડીઓ આચાર્ય રાજેન્દ્રસુરી મા. સાહેબની પ્રેરણાથી ઘરે ઘરે પહોંચાડી.

પાટણ દેરાસરના મૂળનાયક કલ્યાણકને દિવસે સ્નાત્ર ભણાવાય તેવી કાયમી વ્યવસ્થા કરાવી.

જોગીવાડે શામળિયાજી પાર્શ્વનાથ દેરાસરે દરરોજ સ્નાત્ર ભણાવાય તેવી વ્યવસ્થા કરાવી.

મુંબઈમાં અને પાટણમાં ૨૫૦ કરોડ નવકારનો જાપ, ૧૦૮ કરોડ નમો જિણાણં જિયભયાણંનો જાપ અને ૧૦૮ કરોડ સીમંધરસ્વામી પ્રભુનો જાપ કરાવ્યો તથા પાંચ લાખ સામાયિક કરાવ્યા.

જીવદયા તેમનો પ્રાણ હતો અને નળના ગળણા તથા પૂજણી દરેક ઘરે અને દરેક ઘરે અને દેરાસરમાં પહોંચે તેવી મહેનત કરી.

વિલેપાર્લા ઘેલાભાઈ સેનેટોરિયમ દેરાસરમાં રત્ન સમાન હતા. ઘરે આવેલ વ્યક્તિ ખાલી હાથે પાછી જતી નહી.

સદગતના આત્મા પરમ શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના.

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● April 2025 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)


શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ

## જીવન નિર્વાહ સહાય તથા સમાજ ઉત્કર્ષ સહાય યોજના

**રૂા. ૨૨ લાખના દાતા**

૧. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)


શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)
૩. શ્રી રમણલાલ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૪. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ પરિવાર (ચિતારાની ખડકી)
૫. શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)
૬. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૭. શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)


શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ


શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ


શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ


શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહ


શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ


શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ


શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,